Part 2

# ખંડ બીજો

અજ્ઞાત ગદ્યકાર-વિરચિત

# પંચદંડની વાર્તા

(સં.૧૭૩૮ = ઈ.સ.૧૬૮૨ પહેલાં)

સમીક્ષિત વાચના

Chapter. 6

# [મુખ્ય વાતની પશ્ચાદ્ભૂ: (રાજા ભોજ અને ધૂર્ત)]

[1-B] ॥ श्रीगणेशाय नमः ॥ अथ विक्र[म]चरित्रकथा लिख्यते ॥

ધારાપુરી નામ નગરી; તેને વિષે ભોજ નામ રાજા રાજ્ય કરે છે. એકદા સમે રાજા ભોજ સીકાર ચાલ્યો; જઈ સરોવરપાલે ઉતારો કર્યો; સરોવર દીઠું:

छाद्यते पद्मपत्रैश्च मत्स्यकूर्मैर्जलोद्भवैः ।
[नटारंभ ध्वनिभ्रष्टैः केतकीखण्डमण्डितैः][१] ॥१॥

એવું સરોવર છે. તીહાં જુહેતો ચ્યાર સ્ત્રી પાણી ભરે છે. તીણી પણીહારે રા દીઠો. એક બોલી, એ રાજા અતિ સુંદર દેખાય છે. બીજી બોલી, યો રાજા ચઉદવિદ્યા ગુણ જાણ છે. ત્રીજી બોલી, એ રાજા ચોરાસી દેસનો. ચોથી બોલી, યો રાજા જ્યારતાંઈ શ્રી વિક્રમાદિત્યની પેરે કાયાપ્રવેશ[મં][ત્ર-વિ]ત્ર નથી જાણતો ત્યારતાંઈ રાજા ભોજનો ગુણ થોથા છે. રાજાને એ વાત સાંભલી મનમાંહે વિચાર કિધો કે હું રાજા વિક્રમાદીત્યની પરે કાયાપ્રવેશમંત્ર સીખું તો હું રાજા ભોજ. તીબ રાજાને આપણા પાંચ પંડિત તેડ્યા; વાત પુછી, રે પંડિત! રાજા વીક્રમાદિત્યે મંત્ર કી પામ્યા થા, તે વાર્ત્તા મુસ્સું કહો. ત્યારે પંડિત બોલ્યા,

[१] આ ચરણનો પાઠ હસ્તપ્રતમાં આ પ્રમાણે છે:
'नटरंभ ध्वनिभ्रष्टैः केतकीखंडमंडितैः'

ભોજ રાજા ! વિક્રમાદિત્યે બાલનાથ યોગીની સેવા કરી ત્યારે મંત્ર સીખ્યો. યે મંત્રપઠણ છે:

શ્લોક: एकोऽपि हेमकर्त्ता च जीर्णकाया पुनर्नवा ।
द्वितीया शांकरी विद्या पितापुत्रौ न कथ्यते ॥२॥

રાજહે એ વાર્ત્તા સાંભલી- રાજાએ દેસાંતરી યોગી કીર્ત્તિ દાન કરી- [2-B]ને તેડતા હવા- યોગી દેશદેશના આવવા લાગા- યોગીની ભક્તિ કરીને મંત્ર પુછે- એવા કિતલાક દિન ગયા.

એકદા સમે નગર મધ્યે સાહસીક ચોર રહે- તીણે ચોરે નગર ઘણૂં મૂસ્યું- નગરને લોકે રાજા પ્રતિ પુકાર કિધા, હે રાજા ભોજ ! એ ચોર મારો કે હમારી વિદા કરો.

શ્લોક:
राजा निरीक्षणं सम्यक् दुष्टानां निग्रहं तथा ।
एषः राज्ञां परोधर्मः परत्रेह च शर्मणे ॥३॥

રાજા એ શ્લોક સાંભલીને કોટવાલ તેડ્યો; રે કોટવાલ ! કે તું [ચો]રને માર નહીં તો નગરમાંહે રખે રહે- ત્યારે કોટવાલે અનેક ઉપાય કરીને ચોરને સાહીને રાજા ભોજને સુપ્યો- ત્યારે રાજાએ આગ્યા કીદી, રે કોત[૩-A]વાલ ! એ ચોરનું નાકકાન વાઢીને ગદ્દે બેસાડીને ગ્રામમાંહેથી કાડો- ત્યારે ચોર બોલ્યો, હો રાજાજી ! હમારું તો એ કુલાકર્મ છે; હમે અન્યાય નથી કીધો છે; અને જો તમે મોરૂં અન્યાય ક[રો] છો તો જેવા મુસું કીધા છે તેવી કરું તો હું સાહસીક ચોર છું, એવું કહીને ચાલ્યો- ક્રમતાં ક્રમતાં કોલાગિરિ પર્વત ચઢ્યો- તીહાં ૧૨ યોજનનો ઉજાડ છે- તીહા જુહે તો એક ગુફા છે તીહાં સિદ્ધનાથ યોગી તપ કરે છે, ત્યારે એ ચોર યોગીનું રૂપ કરીને સિદ્ધને નમસ્કાર કીદ્યો.

श्लोक: धन्यास्ते वीतरागा: गुरुवचनरतास्त्यक्तसंसारसंगा: ।
योगाभ्यासेषु लीना: गिरिवरगुहापावनीयेष्ववन्ती ॥
[3-B] स्निग्धं प्राप्ताङ्गपीनास्तनकलशभरा कान्तिकाया निशान्ते
प्राप्तामालिंग्य गाढां मृदुलशयने [से]व्यते तस्य धन्या: ॥४॥

* ત્યારે સિદ્ધ બોલ્યો, રે રે પુત્ર! તું ક્યાંથી આવ્યો? ભો સ્વામિ! તુમ્હારી કીર્ત્તિ સાંભલીને આવ્યો.

श्लोक: गुणा: कुर्वन्ति दूतत्वं दूरेऽपि वसतां सतां ।
केतकीगन्धमादाय स्वयं गच्छन्ति षट्पदा: ॥५॥

હે ગુસાંઈ! હું તમારી ચરણકમલની સેવા કરું. તેને સેવા કરતાં ઘણા દિવસ હુવા ત્યારે સિદ્ધ ~~પ્રસં~~ પ્રસંન હુવો. રે પુત્ર! તું માગે તે માગ. તબ ધૂર્ત બો[લ્યો], રે પુત્ર! તું ઇણ મંત્રસું કુણ પ્રયોજન છે તે વાત મુંસું કહો. ત્યારે ધૂર્ત બોલ્યો, હે સ્વામિ! મુંસું રાજા ભોજે ઘણો અન્યાય કીધો છે તેથી રાજાનું રાજ્ય લહું, એ વાર્તા છે. ત્યારે સિદ્ધ સાંભલી ઘણો દુખ પામ્યો; શ્લોક ભણ્યો:

[श्लोक:] [4-A] मूर्खशिष्योपदेशेन दुष्टस्त्रीभरणेन च ।
दूषितां सम्प्रयोगेन पंडितो अवसीदति ॥६॥

ત્યારે ધૂર્ત શ્લોક સાંભલીને સિદ્ધ[સું] બોલ્યો, હો સ્વામી! હું અન્યાય નહી કરું, પણ ઇણે રાજાએ મોસું અન્યાય કીધ્યો છે. હે સ્વામિ! આપણસું ભુંડું કરે તેનું આપણ ભુંડું કીજે; અને આપણસું ભ[લુ] કરે તેનું આપણ ભલુ કીજે. તે* કથા સાંભલો. ત્યારે ધૂર્ત અંતરકથા કહેવા લાગો: ભો સ્વામિન્!

# [રાજાનો સૂડો (પેટાવાર્તા)]

એક ભોગાવતી નામ નગરી; તીહાં ભોગપુરંદર નામ રા. તે રાજા અત્યંત સૂર છે અને દાતાર છે. તે રાજા ઘણી પૃથ્વીનો રાજા છે; ચૌદ વિદ્યાપ્રવીણ છે; ષટ્શાસ્ત્ર જાણે છે. સર્વ પ્રજા રાજાને પ્રાણથી ઘણી વલ્લભ છે. એકદા સમે રાજા સભાઈને બેઠો. તે સભા મધ્યે સ્ત્રી એક અત્યંત સુંદર સકલવિદ્યાજાણ આવીને [4-B] રાજાને આસીર્વાદ દીધ્યો:

શ્લોક:

विहगो वाहनं यस्य त्रिकं च यस्य भूषणम् ।
उत्कृष्टा यस्य वामांगे ते देवाः पातु वः सदा ॥७॥

હે રાજા ભોગસુંદર! તમારી સભા મધ્યે પંડિ[ત] હોએ તેસું ચર્ચા કરો. રાજાએ ત્યારે આપણા પંડિત તેડીને વિદ્યાવિવાદ હુવો તબ રાજાએ અત્યંત સુખ પામો. ત્યારે રાજાએ મહલ ૧ રેહવા દીધ્યો. તે દિન પ્રત સુવા અને ભોઈ ગોઇસું ચર્ચા હોએ. એકદા સમે ગોઇને ખાન અત્યંત વાત મનમાંહે આણી. એ સુવો ને હું એકાંત રહાં; બીજો વિવાદ કોઇ ન કરે, એવું મનમાંહે ચિંતવ્યું. એવે અવસર રાજા આખેટ ચાલ્યો. સુડાને રત્નપિંજરે મુક્યો. ત્યારે ગોઇએ મનમાંહે વિચાર્યું, એવો અવસર ફેરીને નહિ આવે.[૨] એવું ચિંતવીને રાજસભામાહે ઊભી રહી. સુવો [5-A] રત્નપિંજરામાંહે બેઠો દીઠો. ત્યારે પાપણીએ જઇને સુવો પકડ્યો; સાહીને દાર લ્યાવી, પાંસ લુંચી; મનમાંહે ઘણો હર્ષ કીધ્યો; મનમાંહે ચિંતવ્યો કે હું સ્નાન કરીને રુદ્રની પૂજા કરી સુડાને મારું, એવું વિચાર્યું; સ્નાન કરવા ગઇ. ત્યારે સુડે વિચાર્યું, હવે હું નાસીને રુદ્રની જલાધારી હેઠ પેઠો; ૧ શ્લોક ભણ્યો,

अन्यथा शरणं नास्ति त्वमेव शरणं मम ।
तस्मात् कारुण्यभावेन रक्ष रक्ष महेश्वर ॥८॥

---

૨. આની પછી 'એવું ચિંતવીને રાજસભામાહે આખેટથી આવ્યો' એવું સંબંધ વગરનું વાક્ય હસ્તપ્રતમાં છે.

ત્યારે ગોઇ અત્યંત દુખ પામ્યો અને સોગ કીદ્યો; છાની હુઇ રહી. ત્યારે સુગંધ પુષ્પ અક્ષત કરીને સિવની પૂજા કીધી. આપણે ઘર આવી, ગાઢ પ્રીતસુખ પામી. ગોઇ જાણે જે મુ પ્રતિ પ્રસન્ન મહાદેવ હુવા. એવે સમે ગોઇસુ વાત કીધી, હો સાહેબી! તુંને હું [5-B] [પ્રસન્ન હુ]વો અને તુને કૈલાસપુરી લઇ રાખું. ત્યારે સુવો બોલ્યો, રે ગોઇ! આપણી માયા તજ તો ધન, વિત્ત, અર્થભંડાર દહુ. સુકૃતસંપત લેઇ, તુને સ્વદેહે કૈલાસ લઇ જાઉ. ત્યારે ગોઇએ રાજાસુ ભરત કીધા. ત્યારે રાજાએ પાહે સુવો આવ્યો. રાજાની વાત સાંભલીને રાજા ગોઇ બે ઘર આવ્યાં. ત્યારે રાજા દેખે તો ગોઇએ અર્થભંડાર લુટાવ્યો, સિદ્ધ વિપ્રને દીધો. ત્યારે રાજાને [જો]ઇને સુવો ઘણો હર્ખ પામ્યો. ત્યારે સુવો [બો]લ્યો, હો ગોઇ! આપણા સીરના મુવાલ મુંડાવ. ત્યારે રાજાનો નાવી તેડ્યો, મસ્ત ભદ્ર કીધું, કૈલાસ ઉપર મન રાખું. ત્યારે સુડે ઉડીને રાજાને ચરણે નમસ્કાર કીદ્યો, હે રાજાજી! ઇણી પાપણીહે મુને સાહીને હમારી પાંખ લુંચી. ત્યારે સુડે શ્લોક ભણ્યો:

शठं प्रति शठं कुर्यात् आदरं प्रति आदरः।
मयाऽपि कुंचितं गात्रं त्वया च मुं[6-A]डितं शिरः॥९॥

ત્યારે રાજાએ ભોગસુંદર સવાની વાણી સાંભલીને હર્ખ પામ્યો. ત્યારે રાજાએ ગોઇને દેખીને શ્લોક ભણ્યો:

अनृतं साहसं माया मूर्खत्वं प्रतिलोभता।
अशौचं निर्दयत्वं च स्त्रीणां दोषाः स्वभावजाः॥१०॥

એવો ચરિત્ર દેખી રાજા અત્યંત દુખ પામ્યો. ત્યા[રે] રાજાએ ગર્દભ મગાવ્યો. ગોઇને ઉપર બેસાડીને ગામમાંહેથી કાડી. ત્યારે રાજાએ સુડાને લઇને પિંજરે બેસાડ્યો, ઉછાહ કીધો.

એવી કથા ધૂર્તે સિદ્ધ આગલ કઈ ત્યારે સિદ્ધે પરકાયાપ્રવેશમંત્ર દીદ્યો. ધૂર્ત મંત્ર સીખીને ચાલ્યો. ચાલતાં ચાલતાં દેવારાપુરી આવ્યો, અનેક પ્રકાર સિંગાર કીદ્યો; પગ પાવડાઉ, અંગ વિભૂત, હાથ દંડ, અનેક સિષ્યસાથે

ભક્ષ લઈને રાજા ભોજની સભા મધ્યે આવી બેઠો. રાજા ભોજ ઉપર મન રાખ્યો. ત્યારે રાજાએ ખબર પામી. રાજા [6-B] એ યોગીશ્વર આવ્યો સાંભળીને મળવા આવ્યો. ત્યારે રાજા યોગીશ્વરને મળીને પરમ સુખ પામ્યો.

શ્લોક:

गंगापापं शशीतापं दैन्यं कल्पतरुं यथा।
पापं तापं च दैन्यं च हन्ति साधुसमागमः॥११॥

ત્યારે રાજા વિદા માંગી ઘર આવ્યો. ત્યારે રાજા જ્યોગીશ્વર સારુ નૈવેદ્ય મોકલી દીધું — ષટરસ ભોજન. એવે પ્રકારે રાજા દીન પ્રતિ સેવા કરે ત્યારે રાજાસું યોગી બોલ્યો, રે ભોજ! હું તું પર ખુશમાન હુવો, માંગ્યો ચાહે સો માંગ. ત્યારે રાજા [બો]લ્યો, હો સ્વામી! મુને પરકાયાપ્રવેસમંત્ર શીખાવો. ત્યારે યોગીએ શ્લોક ભણ્યો:

एकोऽपि हेमकर्त्ता च गीपिकाया पुनर्नवा।
द्वितीया शांकरी विद्या पितापुत्रौ न कथ्यते॥१२॥

ત્યારે યોગીયે રાજાસું કહી, સ્વામી! તારી સેવાભક્તિ જાણી હું ખુશમાન હુવો. હો રાજા! [7-A] તું ચતુર્દશી આદીતવારને દિન વેગા પધારજો, અને હોમની સામગ્રી લઈ આવજો; એવી વાત યોગીએ રાજા પ્રતિ કહી; અને સુડો ૧ મારી લાવજો અને એકલો આવજો. એવી વાત સાંભળી રાજા વીદા માગી ઘર આવ્યો. બીજે દીવસ રાજા સર્વ સામગ્રી લઈને રાત્રિને વિષે યોગીશ્વર પાસે ગયો ત્યારે યોગીએ રાજા ભોજને દેખીને શ્લોક ભણ્યો:

मंत्रे तीर्थे द्विजे देवे भैषजे भषजे गुरौ।
यादृशी भावनासिद्धिः सिद्धिर्भवति तादृशी॥१३॥

ત્યારે રાજા બોલ્યો, હે સ્વામી! મુને મંત્ર આપો. ત્યારે રાજા યોગીશ્વર સ્નાન કરી બેઠા; ત્યારે યોગીએ મંત્ર ભણ્યો, ત્યારે રાજાયે મંત્ર શીખ્યો. ત્યારે યોગી બોલ્યો, હો રાજા! મંત્રની પરિક્ષા લીજે. ત્યારે રાજાયે સુવાના દેહમાંહે મંત્ર કર્યો, જીવપ્રવેસ કીધો. સુવો ઉડી આમ્રની ડાલ [7-B] પર

બેઠો. ત્યારે તે ધૂર્ત રાજાની દેહમાંહે સંચરયો. ત્યારે ધૂર્તને એક ધરી સુવા પર મેલ્યો. સુહો ઉડી દેસાંતર ગયો. ત્યારે ધૂર્ત પરમ સુખ પામ્યો અને રાજા ભોજના મંદિરમાંહે ગયો. ત્યારે ધૂર્ત પરમ સુખ પામ્યો; મહલમાંહે જઈને સર્વે અંતેવરસું કર્યું, જે આજ યોગી મું પ્રત્યે મુંડો કરતો થો. જોગીને જેહરફલ દેઈને ગાઢજે. ત્યારે રાજાની આગન્યાથી સેવક મોકલ્યા; યોગીને ગાઢો. તે બીજે દિવસ રાજા સભામાંહે આઈ બેઠો; પાંચસે પરચોતર પંડિત બેઠા. સર્વ પંડીત રાજાનું ચરિત્ર જોઈને વિસ્મે પામ્યા; કેવા લાગા જે એ ભોજ રાજા ન હોએ, કાંઈક કારણ છે.

શ્લોકઃ

आकारे गते चेष्टा चेष्टया भाषणेन च।
नेत्रवक्त्रविचारेणा ज्ञायतेति गतं मनः॥१४॥

ત્યારે એક અવસર પંડીતે, રાણીએ કે એક ૧ [8-A] દાસીને શૃંગાર કરાવ્યો. ત્યારે રાજાને મહલમાંહે મોકલ્યો. રાજાએ રાણી જાણી સંભોગ-ક્રીડા કરી ત્યારે સકલ લોક રાજાને ધૂર્ત જાણ્યો, જે રાજા ભોજ એ નહી. એવું કરતાં ઘણા દિવસ ગયા. ત્યારે એક અવસર રાજાએ મનમાંહે ચિંતવ્યો કે, તે સુવો મારી ગ[યો] છે તેથી હમારો વિણાસ છે. એવો જાણી રાજા સભામાંહે બેઠો. ત્યારે અહેડી સર્વ તેડ્યા, વાત કહી, રે અહેડી દેસદેસના સુડા સાહી લ્યાવો. સુવા ૧ પ્રતિ દિનાર ૨૧ તમને આપીસ. ત્યારે અહેડી ખંડખંડના સુડા સાહી લાવવા લાગા. જે સુવો લ્યાવે તે રાજા વિધ્વંસ કરે. એવે અવસર જે સુડાના દેહમાંહે રાજા ભોજનો જીવ થો તેણે સુવે રાજા ચંદ્રસેન પ્રતિ પત્રી મોકલી કે, તમારા વનમાંહે સુવા પામો તે મોકલજો. ત્યા[8-B]રે વનમાહેના સુડા સર્વ સાહીને, પારધીએ મહા જાલ નાખીને સુડા સાહ્યા. સર્વ સુવા એકઠા કીધા. ત્યારે જે સુવાની કાયામાંહે રાજા ભોજનો જીવ થો તે સુડો બોલ્યો, પારધીસું કહ્યું,

રે પારધી! તુ અમને ઉહાં લઇ મદાસ ! ત્યારે પારધી સુવાક્ય સાંભલીને હર્ષિત હુવો. ત્યારે પારધી બોલ્યા જે, રાજા ભોજ ધારા-નગરીકો છે તેને લઇ દેસાં. ત્યારે સુવો બોલ્યો, રે પારધી! તમે રાજાને કહો જે, સુવાને સું કરે છે? ત્યારે અહેડી બોલ્યા જે, સુવાને મારે છે અને સુવા ૧ પ્રતિ દિનાર ૨૧ આપે છે. એ વાત સાંભલીને સુવો બોલ્યો રે અહેડી! મુને રાજા ચંદ્રસેણ પાહે લઇ જાહો. હું તમને ટકા ૧૦૦૦ દેવાડું, અને હમારો જીવ ઉવરે તે તમને ધર્મ હોશે! ત્યારે તે સુવાની વાત સાંભલીને, રાજા ચંદ્રસેણ પાસે લઇ ગયા. રાજા દેખે તો સભા સ[9-A]હિત બેઠો છે. તીહાં સુવો પારધીયે રાજા આગલ ધર્યો. હો રાજાજી! એ સુડો કહે છે કે, રાજા પાસ લેઇ ચાલો. તેથી હું રાજા પાસે લ્યાવ્યો છું. ત્યારે સુવે રાજાને આસીરવાદ દીધો.

શ્લોક: यावत् भागीरथीः गंगा, यावत् देवमहेश्वरः।
यावद्वै तपते भानुः तावत्त्वं विजयी भवेत्॥१५॥

એવા રાજાએ કીર્તિ સાંભલીને પારધી પાસેથી લીધો; સુખ પામ્યો.

શ્લોક: गुणाः कुर्वन्ति दूरत्वं दूरेऽपि वसतां सताम्।
केतकीगन्धमादाय स्वयं गच्छन्ति षट्पदाः॥१६॥

ત્યારે રાજા ચંદ્રસેન સુવાના વચન સાંભલીને પરમ હર્ષ પામ્યો. ત્યારે પારધીસું વાત પુછી જે, એ સુવાનુ મોલ્ય કહો. પારધી બોલ્યા, હો રાજાજી! એ સુવો આપણો મોલ એ જ કહસે. ત્યારે રાજાએ સુવો પુછો, હો સ્વામી! આપણો મોલ્ય કહો- [9-B] ત્યારે સુવો બોલ્યો, હો રાજાજી! અમે પક્ષી, અમારું મોલ્ય કેવું? જે તમારું મન આનંદ ઉપજે આપો. ત્યારે રાજા સુવાની વાણી સાંભલી

હરખ્યો. ત્યારે રાજાએ પારધીને ગ્રામ ૧૦, દિનાર ૧૦૦૦ એક દેવાડ્યા. પારધીની વીદા કીધા. ત્યારે રાજા સર્વ જડીયા તેડ્યા. સુવર્ણ, મોતિ, લાલ હીરા, મણિ, માણિક સોનીને દઇને રત્નજડિત પંજરું સુવા વાસતે કરાવ્યું. તે પાંજરામાંહે બેઠો, રાજાસુ દિન પ્રતિ ચર્ચા કરે, શ્લોકસુભાષ્યત કરે. ત્યારે રાજા પરમ [હર્ષ] પામીને સુવો પ્રાણથી વલ્લભ કરી રાખ્યો. એવા કેતલાક દિવસ ગયા. ત્યારે એ સમયે રાજા ચંદ્રસેન સાકાર ચાલ્યો. સુવાને રાજસભામાંહે મુક્યો. ત્યારે સર્વે રાણી સુવાનો વચન સાંભલીને સુખ પામી. ત્યારે રાણીએ વીનતી કરી મોકલી, હો રાજા! તુમારો [10-A] સુડો અંતપુરમાંહે મોકલો, સર્વ રાણી જોવા માંગે છે. ત્યારે રાજા બોલ્યા, એ સુડો પ્રાણથી વલભ છે. તબ રાણીએ ક્યો, હો રાજાજી! તમને વલભ છે તે હમને ખરો વલ્લભ છે; એવાં વચન સાંભલીને રાજાએ આપણા અંતપુરમાંહે મોકલ્યો. પાછે રાજા બાહેર ચાલ્યો. સુવાને ચિત્રસાલીમાંહે રાખ્યો. ત્યારે રાણી ૧૦૦ આપણા આપણા પાસાથી સોલ શૃંગાર કરીને સુવાને મલવા આવી. સુવો રાણીસામુ દલવ્રાણ જોવા લાગો. ત્યારે એક રાણી સસીકલા નામ તેણાએ દાસી ૧ મોકલી જે, તું જઇને સર્વ રાણી ચ કી હોઇ હો તે ખબર લઇને આવ. ત્યારે દાસીએ જોઇને રાણીસું ક્યું, [હો] રાણી! સર્વ અંતપુર મીલો. ત્યારે સસીકલા સોડસ સિંગાર કરીને સુવા [10-B] પાસે રત્ન લઇને ભેટવા ચાલી. સુવા આગલ ભેટ રાખી, ત્યારે સુવો રાણી પ્રતિ [બો]લ્યો, હો રાણીજી! હવે એ ભેટને સું કરા? અમે પશુપંખી. ત્યારે સસીકલાકા લખ્યણ સર્વ રાણી સરાઈ. ત્યારે સર્વ રાણી વાત સાંભલીને હર્ષ પામી. પુનરપિ શૃંગાર કિદ્યો, સુવા પાસે આવી; સુવાને દેખી, સુવાસું ક્યો, રે સુવા મો સમાન સ્ત્રી દીઠી છે ક નથી દીઠી? ત્યારે સુવે રાણી સરાઇ. એવું સાંભલીને સુવા પાસેથી રાણી આવી; પુનરપિ બીજો શૃંગાર કરીને સુવા પાસે જઇ ઊભી રહી. ત્યારે સુડે દાણી સ્તુત કીદા, હો રાણી! તુમ સમાન સ્ત્રી ભમંડલમાંહે નથી. પુનરપિ

~~રાણી સિંગાર કરીને સુવા પાસે આવી, ઊભી રહી; રે સુવા મું સરખી~~

સ્ત્રી કઇ દીઠી હોએ તો મુને કહો; ન કહો તો તુને પરમેશ્વરની આગન્યા [11-A] છે. ત્યારે સુ[વો] બોલ્યો, હો સસીકલા ! પૃથ્વી મધ્યે સીયલાપુર પાટણ છે. તીહાંનો રાજા ઉગ્રસેન છે. તેની કુંવરી પુષ્પાવતી નામ છે. તે સકલ સાસ્ત્ર, ચૌદ વિદ્યા ગુણ જાણે છે. તેની દાસીનુ નામ ગુણાવતી છે. તેના રૂપ સમાન તું નહી. ત્યારે સુવાનાં વચન સાંભલીને રાણીનો મન મલાન હુવો.

શ્લોક: वरं प्राणपरित्यागो न मानपरिखंडनम् ।

प्राणभंगे क्षणं दुःखं मानभंगे पदे पदे ॥२७॥

ત્યારે સુવાના વચન સાંભલીને સસીક[લા] દુખણાવદન હુઇ. સર્વ રાણી આપણે સ્થાનક ગઇ. સસીક[લા] સરાટીપટારો લઇ રહી. ત્યારે રાજા ચંદ્રસેણ સીકારથી આવ્યા, સસીકલાને આગણે ઉભા રહ્યા; ત્યારે દાસીસું બોલ્યા, હો દાસી ! સસીકલા કીહાં છે? દાસી બોલી, હો રા[11-B]જન્ ! સર્વ રાણી પ્રતિ કહ્યો તેથી રાણાએ ભુંડો માન્યો. ત્યારે રાજાએ સુવાનાં વચન સાંભલીને ચાલ્યો. 'એ સુડો ચાતુર છે' એવું જાણીને રાજાએ સર્વ રાણી મનાવવા મોકલી. સર્વ રાણી મલીને મનાવે પણ માને નહી. ત્યારે રાજાએ પ્રધાન પુરોહિતની સ્ત્રી મોકલી પણ સસીકલા માને નહી; 'રાણી તમે ભુંડું કરો છો?' ત્યારે સર્વે મલીને શ્લોક ભણ્યો:

अतिचारं अनाचारं अतिनिंदा अतिस्तुतिः ।

अतिशौचमशौचं वा षडभिगुणाच्छादनम् ॥२८॥

રાણીએ મનાવ્યો માન્યો ~~નહિ~~ નહી ત્યારે રાજા સુવા પાસે જઇ ઉભો રહ્યો. સુડે રાજાને જોઇને શ્લોક ભણ્યો:

कमलमूलनया: मुखपङ्कजे वसतु ते कमलाकरपल्लवे ।

चपुषि ते रमतां कमलांगज प्रतिदिनं हृदये कमलापतिः ॥२९॥

ત્યારે સુવા પ્રતિ રાજા [12-A] બોલ્યો, હે સુવા ! તમારો મનાવ્યો રાણી

૩. આ આખી પંક્તિ હસ્તપ્રતમાં 'સુડા પ્રતિ [illegible]' [illegible]

માનસે, તુ મનાવ. ત્યારે સુવાનો પીજરો મોકલ્યો. ત્યારે સુવો પીજરામાહેથી બોલ્યો, હો રાણીજી ! હમારો મનાયો માનો, રાજા તેડે છે. હમ ઉપર તમેં સું રુઠાં ? તોપણ સુવાકો મનાયો માને નહી. ત્યારે સુ[ડો] રાણી પ્રતિ કથા કહવા લાગો: હે રાણી ! તમે સાંભલો. એક સમે અયોધ્યાપુરીને વિષે રાણી ? તમારી પેરે માનવતી હુઇ રહી હતી તે સાંભલો.

## [ હઠાગ્રહી રાણી (પેરા વાર્તા) ]

અયોધ્યાને વિષે રાજા જનમેજય હુવો. તેને રાણી ? પ્રાણથી વલ્લભ હતી. તે રાજા ત્રૈલોક્યગામી થો. ત્યારે રાજાને ઇંદ્રનું તેડું આવ્યું, સેવક મોકલ્યો; હો જનમેજય ! સમુદ્ર મધ્યે દૈત્ય ? રહે છે. તેની ચાર હાથ મૃત્યુ છે, તેને તુ માર. ત્યારે ઇંદ્રની આજ્ઞાથી તે દૈત્ય માર્યો. હરખીત હોઇ રાજા ઇંદ્ર પાસે આવ્યો. ત્યારે ઇંદ્રને [12-B] ઉછાહ કીદ્યો. રાજા જનમેજય પરમ સંતોષ પામ્યો, હો રાજા ! જે કાઇ મુ પાસે પોતે માગ. ત્યારે જનમેજય બોલ્યા, હો રાજા ઇંદ્ર ! ખીરોદધિ ?, બાજ્ઞું કાંનના કુંડલ ૨ રત્નજડિત છે તે મુને આપો, જોઇએ છે. ત્યારે ઇંદ્રાણીએ કુંડલા દીધાં. કુંડલ લઇને ઇંદ્રાણીયે શ્રાપ દીધો, જે સ્ત્રી પહરસે તે વિયોગણી હસે. તે રાજાએ કુંડલ દીધાં; કુંડલ લઇને ઘર આવ્યો; રાણી આગલ મેલ્યા. રાણી હરખીત હુઇ, કુંડલ પહર્યાં, ચીર પ[હ]ર્યો, પરમ ઉત્સાહ કીદ્યો. ત્યારે રાણીએ કુંડલ પેહરીને મનમાહે વિચાર્યો, હમારા કુંડલ પહર્યાં કુણ જાણે ? સકલ પ્રજા તેડી ઉછાહ કીદ્યો. એક સમે રાણી રાજા સાર પાસા રમવા લાગા. રાજાએ [13-A] રાણી દુબલિ દીઠી. ત્યારે રાજાએ વાત પુછી, હો રાણી તમે દુબલિ કેમ છો? ત્યારે રાણી બોલી, હો સ્વામી ! હમારો મનોરથ એક હુવો નહી. હો રાણી ! તમે જે માગો તે માગ. તબ રાણી બોલી, હો સ્વામી ! બાવડી રુધિરસું ભરું; ત મને સ્નાન કરાવું તો સ્વાનંદ પામું. ત્યારે રાજા બોલ્યો,

હો રાણી! એ વાર્તા શું કઇ? હમારા રાજ્યમાહે અન્યાય નહીં છે.

શ્લોકઃ साधूनां पालनं सम्यक् दुष्टानां निग्रहं तथा।
एषः राज्ञां परो धर्मः परद्रोह च शर्मणि ॥२०॥

હમારો એવો રાજ્ય છે, જેમે હમારો ધર્મ છે, જીજે સીંહ ગાય સાથે પાણી પીયે છે; અને હું, પ્રજા મારી 'સ્ત્રીજિત' કહા[વું] છું. ત્યારે રાણી એવું કહ્યું જે, રુધિરસ્નાન કરાવે તો ભોજન કરું. ત્યારે રાજા રીસાઇ આવ્યો. દીન છતાં અતિ હઠ માંડ્યો. રાણી ખટાટીપટારી લેઇ સુતી. [13-B] રાણી ભૂખ્યાં કોઇ અંન ખાએ નહિ. ત્યારે રાજા મંત્રિ પ્રતિ પુછ્યું, એને કુણ બુદ્ધિ કરી સ્નાન કરાવજે. ત્યારે મંત્રીએ રાજાસું કહ્યો, રાજા! વાવડી અળતાસું ભરાવજે. છોકરાંનો ગલે તલવાર બંધાવજે. એવો પ્રપંચ કરીને રાણીને સ્નાન કરાવજે; તો હઠ રહે. ત્યારે રાજા એટલી વસ્તુ કરીને રુધિર સમાન વાવડી ભરાવી; ત્યારે રાણી હરખીત હુઇ વાજિંત્ર મંગાવ્યાં, સ્નાન કરવા ચાલી; સકલ પ્રજાલોક તમાસે આવ્યા; છોકરાણીનું ચીર પહેર્યું; રાણી હરખીત હુઇ, સ્નાન કરવા બેઠી. ત્યારે સ્નાન કરતાં ચીર અંગ લાગી રહ્યો. ત્યારે રાણી ભૂંડી દીસવા લાગી, જેવો માંસનો પીંડ હોએ. એવે અવસર એક પંખી આકાશથી ઉતરીને રાણીને લઇ ઉડ્યો. સકલ લોકને ઉપહાસ્ય કીધ્યો.

એવી કથા સુડે રાણી પ્રતિ કઇ. [14-A] સસીકલા, તમે સાંભળો, મનાયો માનો. તોપણ રાણીએ સવાનું વચન માન્યું નહીં. ત્યારે રાજા પાસે સુવો આવો; રાજા ચંદ્રસેણસું કહ્યો કે, [મું]ડુ માન્યું. ત્યારે સુવે રાજા પ્રતિ પાછલી વાર્તા કહી: હે રાજા! એ સમે રાણી મો પ્રતિ સિંગાર કરીને આવી. એવું કહ્યું, રે સુવા! મો સમાન સ્ત્રી પ્રથવી મધ્યે છે કે નહીં? ત્યારે મેં કહ્યું કે, હે રાણી! તું કાઇ નહીં. પ્રથિ[વી]માહે રાજા ઉગ્રસેન છે, તેની કુંવરી પુષ્પાવતી છે; તેની દાસી ભદ્રસેના છે. તેના રૂપ સમાન તું નહીં. એવી વાત સાંભળીને રાણીએ ભુંડુ માન્યું. ત્યારે રાજા ચંદ્રસેણે સુવાને પુછ્યું કે,

ઉવા કુંવરી છે કે પરણી છે? ત્યારે સુડે કહ્યો, રાજાજી! સુરૂપાવતી કુંને પરણાવું રે સુવા! તું ચાલ, ઉદ્યમ કર. ત્યારે રાજાએ પુછ્યું, હો સુવા ઉદ્યમ કેવો કરાં, યા કથા મોસ્યું કહો. હો સ્વામી! રાજા [14-B] વિક્રમાદિત્યે ઉદ્યમ કીધો થો તો પંચદંડછત્ર ધરયો. ત્યારે રાજાએ કહ્યો જે એ કથા મોસ્યું કહો, પંચદંડછત્ર કીમ પામ્યો. ત્યારે સુ[ડો] [સં]દસેળસું કથા કહવા લાગો:

## [ મુખ્ય વાર્તાનો પ્રારંભ: વિક્રમ અને દેવદમની ]

હો રાજા! વિક્રમાદિત્ય અવંતી રાજ્ય કરે છે. તે રાજા એક સમે આખેટ ચાલ્યો, જઈ સરોવર ઊભો રહ્યો. તીહાં પહર જ જલક્રીડા કરી, પ્રાતકાલે રાજાએ નગરપ્રવેસ કીધ્યો. નગર મધ્યે એક પંચાકુલ રહે. તેને આગણે રાજા આવવા લાગો. આગલથી પ્રધાન આવ્યો. તીહાં પંચકુલની દાસી આગણો બુહારે છે. ત્યારે પ્રધાને કહ્યું, તું રખે બુહારે, જે વિક્રમાદિત્ય આવે છે. ત્યારે દાસી બોલી, હો પ્રધાન! હું કીમ રાખું? જે હમારી રાણી દેવદમની મને ક[હે] તો સ્યું હું રહું. થારો રાજા વિક્રમાદિત્ય કીહાનાં પંચદંડછત્ર માથે ધરયો છે તે ધૂલ માંહે ભરાસે? [15-A] ત્યારે પ્રધાને દાસીને મારી. ત્યારે દેવદમનીએ સેસ ભરાણી. ત્યારે દાસી રાણી પાસે ગઈ, હો રાણી! મુને રાજા વિક્રમાદિત્યને પ્રધાને મારી. ત્યારે દેવદમનીને રીસ ભરાણી. ત્યારે દેવદમની કને કોટ કરાવ્યો કે, હું રાજાસ્યું સંગ્રામ કરું. ત્યારે રાજાએ અનેક ઉપાય કીધ્યા, પણ કોટ તુટે નહી. રાજા આપણે ઘર આવ્યો. ત્યારે બીજે દિવસ પ્રધાન મોકલી ગાં[છી] તેડી. ત્યારે ગાંછી સુખાસને બેસીને રાજા વીક્રમાદિત્ય પાસે આવી. ત્યારે રાજા બોલ્યો, હો ગાંછી! થારી બેટી પંચદંડછત્ર ક[હે] છે તે કીહાં છે એ વાત મોસ્યું કહો. ત્યારે ગાંછી બોલી, હો રાજા! હમારો કહ્યો કરો તો પંચદંડછત્ર ધરો. એવો કહીને ગાંછી ઘર આવી. ત્યારે બીજે દીન રાજાએ તેડો મોકલ્યો. દેવદમની રાજા પાસે સોલ સીંગાર સજી રાજસભામાંહે આવી. રાજા વિક્રમાદિત્ય દેવદમનીસું [15-B] જુવાં રમવા લાગા. માસ ૬ ગયા પણ

~~રાજા જીતો નહી. ત્યારે ગાંછીને વિદાય દીધી. રાજા અદ્રિસ્યાને સમે બારસાર~~

આવ્યો, સર્વ રાત્રિએ તોહી રાજા જઈને કાલભૈરવને સ્થાલ સુતો. કાલભૈરવ રાજા દેખયો; સ્વામી! હું વિક્રમાદિત્ય છું, એવું રાજા બોલ્યો. ત્યારે ભૈરવ રાજા પ્રતિ બોલ્યો કે, તું કુણ છે? ત્યારે રાજાએ કહ્યું જે, સ્વામી! હું તમ સરણ આવ્યો છું. સ્વામી! હું દેવદમનીનું જુવા રમુ છું. ત્યારે ભૈરવ બોલ્યો, હો સ્વામી! જો તુ મને પુછે છે તો તું ઇંદ્રલોક જાય, ત્યાહાં દેવદમની નાચસે. રાજા તુ વૈતાળ છેલ લઇ ઇંદ્રલોક જાવ. તિહાં દેવદમ નીકી તીન વસ્તુ લે તો અવસ્ય જુવા જીતૈ. એવી વાત સુનિ રાજા વિક્રમાદિત્ય ઘર આયો, સ્નાન ઉપાર્ચ કરી વૈતાલ છેલ [૧૯-A] આરાધ્યો. તબ વૈતાલ [આ]વી ઉભો રહ્યો. તબ રાજાને વૈતાલકી ભક્ત કીધી; લાડુ, ખીર, સુહલી, બાકુક અને કબાલિ ભક્ષ વૈતાલનૈ આહાર કીયો. તબ રાજાનૈ સાત્વીક સ્તુતિ કીધી. રાજાસૈં વૈતાલ તુષ્ટમાન હુવો તબ રાજા બોલ્યો, સ્વામી! મુજ ઇંદ્રલોક લે જાવ; ઘડી ૭ માહે આવાંજાવાં; તબ વૈતાલ રાજાસૈં આપણૈ ખાંધે અનરિઠ્ઠ્ય લઈ ચાલ્યો. તબ રાજા ઇંદ્રલોક જાઇ બેઠો. એવે અવસર દેવદમની નૃત્ય કરવા લાગી. આની નૃત્ય કરતાં વેતાલે દેવદમનીનાં કુડલ લીધાં. બીજે અવ[સ]ર પારીજાતકના ફૂલ લીધાં, વીક્રમાદિત્યને દીધાં. ત્રીજે અવસર મુદ્રીકા લીધી તે વિક્રમાદિત્યને દીધું. ત્યારે રાજા હરખ પામ્યો, કેવા લાગો, હો વેતાલ! હવે હમારો કાર્ય સિધ હુવો. [૧૯-B] ત્યારે રાજા ઘર આવો. પ્રભાતે રાજાએ દેવદમનીને તેડી. રાજા જુવાં રમવા લાગો. જુહા રમતાં રાજા બગલમાહેથી નેપુર દેખાડ્યો; ત્યારે દેવદમની નેપુર જોઇને વિસ્મય પામી; ત્યારે રાજા એક દાવ જીત્યો. ફેરીને રમવા લાગા ત્યારે રાજાએ પારીજાતકનો હાર દેખાડ્યો. હાર દેખી દેવદમની વિસ્માય પામી; એ હાર પુન રાજા ઇંદ્રે દીધ્યો થો તે ઇહાં કીયાથી આવ્યો? તે પણ હારી. ફેરી રાજાએ તીસરા દાવ માડ્યો. ત્યારે દેવદમનીને કાનન કુંડલ દેખાડ્યાં; કુંડલ દેખી દેવદમની તીસરો દાવ હારી. ત્યારે રાજાએ નિઢ્ઢોંખ નિસાણ વજાડ્યા. દેવદમનીને જીતી. ત્યારે રાજાએ દેવદમનીની માતાને [તે]ડી, પુછ્યું કે,

૪. આની પછી હસ્તપ્રતમાં 'તો તુ' એવા વધારાના શબ્દ છે.

આગલો કામ હોઓ. ત્યારે ગાંછી આવીને રાજાને જુહાર કીધો. ત્યા[રે] રાજા બોલ્યો, હો ગાંછી! એઓ દેવદમનીને જીતી, [17-A] આગલ કામ હોએ તે તમે કહો. ત્યારે ગાંછી બોલી, હો રાજા! તું દેવદમનીને પરણ, જેમ થારો આગલો કાર્ય હસે. ત્યારે રાજા પરણે નહી. ત્યારે ગાંછીયે શ્લોક ભણ્યો:

विषादप्यमृतं ग्राह्यं अमेध्यादपि काञ्चनम् ।
नीचादपि उत्तमाविद्यां स्त्रीरत्नं दुष्कुलादपि ॥२१॥

ત્યારે રાજાએ વિવાહ કીધો; પરણીને તતખણ આવાસસુધ રાત્રી. ત્યારે ગાંછી સું ક્યો, હવે આગલો કામ કહીસ? ત્યારે ગાંછી બોલી, હો રાજા! તું દક્ષણ જઇ; દક્ષણમાંહે દંડ છે તે લઇ આવ. દક્ષણને વિષે સુગ્રામા નામ નગર છે. તીહાં દેવસર્મા નામ બ્રાહ્મણ છે, તેની સ્ત્રી ઉમાદેવી નામ છે; તેને ડંડ ૧ છે, દંડ ૧ રાક્ષસને છે.

## [ ૧. ઉડણદંડ (મુખ્ય વાર્તા) ]

એતલી વાત સાંભલીને રાજા દક્ષણ આવ્યો; દક્ષણ જઇ ઉભો રહ્યો; તીહા દેશે તો નગર ૧ છે. [17-B] તીહાં તલાવ છે, તેની પાસે રાજા જઇ ઉભો રહ્યો. એવે અવસર નગરમાહેથી પણીહાર ૪ પાણી ભરવા આવી. તીહાં મૃત્યક ૧ પડ્યો છે, તીહાં ૪ સ્ત્રી ઉભી રહી છે. સ્ત્રીનાં તન મૃત્યક-કાલ લક્ષણ દીઠાં. તે માંહેથી સ્ત્રી ૧ બોલી, એ મડાની કાઠ માંડલી થી. બીજી બોલી, એને કાને કુંડલ થાં. ત્રીજી બોલી, એના દાંત ફબાડ્યા થા. ચોથી બોલી, એ વિદ્વાંસ થો. ત્યારે રાજા વિસ્મય ચિત્ત બોલો, રે બાઈ! તમે મરતક વિના વાત કેમ જાણી? ત્યારે ૧ બોલી, એની છાતી ઉજલી થી. બીજી બોલી, એને કાને કુંડલ થાં. ત્રીજી બોલી, એને અંગુઠે ચુનો લાગો છે. ચોથી બોલી, એને હાથે વિદ્યારેખા છે, તેથી જાણ્યો. એવી વાત ચ્યાર જણીએ કહી, ત્યારે રાજાએ મન માની. ત્યારે એક સ્ત્રી બોલી, રે પુરુષ તું કોણ છે, અને તું ક્યાં [18-A] થકી આવ્યો,

કીહાં જસો ? આપણી વાત કહો. ત્યારે રાજા બોલ્યો, હું સ્ત્રીચરિત્ર જોવા
આવ્યો છું. એવી વાત સાંભલીને હસી, તેમાંથી સ્ત્રી ૧ બોલી કે, હું હમણાં
પાંણી ભરી આવુ છું; તુંને સ્ત્રીચરિત્ર દેખાડું. ત્યારે રાજાને નગરમાહે લઈ
ચાલી. ત્યારે રાજા સ્ત્રી પ્રતિ બોલ્યો, તું કીહાં મુંને લઇ જઇસ ? ત્યારે
સ્ત્રી બોલી કે, હમારી સાથે ચાલ્યો આવ. ત્યારે આપણી પોહોલમાંહે
પ્રવેસ કીધ્યો ત્યારે ઘરને માણસે પુછ્યું જે, એ પ્રાહુણો કુણ છે ? ત્યારે
સ્ત્રી બોલી જે, એ હમારો ભાઇ છે. હમને ઘણા દીનનો વીછડ્યો થો તે
મલ્યો. ત્યારે રાજાની સેવા ઘણી કીધી. ત્યારે રાજાને ચિત્રસાલીને વિષ
લેઇ ગઇ. રાજાને સોડપાલખી દીધી, અને કહ્યો, ચોરસું ક્રીડા કરો, પાછે
ભોજન કરો. ત્યારે રાજા બોલ્યો, તે મુંને ભાઇ કીમ કહ્યો છે, [18-B]
નહીતર ચોરસું ક્રીડા કરતો. ત્યારે સ્ત્રી બોલી, તુંને બાહાર દઇને મરાવસું.
તબ રાજા [બો]લ્યો, મુંને કોણ મારે ? ત્યારે ઉણીએ બાહર દીધી, રે દોડો,
રે દોડો, ઘરના લોકસું કહ્યું. ત્યારે સ્ત્રી બોલી, હવે મારું કે રાખું ? ત્યારે
રાજા બોલ્યો, તુંથી હોસે તે કર. ત્યારે આપણા સસરાસું કહ્યો કે, પાણી
લ્યાવો, એને ગલે મીઠાઇ ચોટી છે, તે વાસ્તે મેં બાહર દીધી. ત્યારે રાજાએ
પાણી આણ્યો થો તે પાઇયો. એવું ચરીત્ર જોઇને બીજે દિવસ રાજા
આગલ ચાલ્યો. ક્રમતાં ક્રમતાં સુગ્રામા નામ નગર પ્રવેસ કીધ્યો. તીહાં
દેવસર્મા નામ બ્રાહ્મણ, ઉમાદેવી નામ પંડ્યાણી ૩ તેના ચેલા ૬૪ છે
તેને ઘેર રાજાએ પ્રવેસ કીયો, જાઇ દેવસર્માં આગલ ઉભો રહ્યો; કહ્યો
કે, હું વિદ્યાર્થી છું. ત્યારે દેવસર્માએ બ્રાહ્મણીસું કહ્યો, જે એને આદર
ક[19-A]રીને રાખજો, એ ભલો છે. ત્યારે રાજાએ માસ ૬ બ્રાહ્મણ ઘેર રહ્યો,
સકલ વિદ્યા ભણી, રાજા એક રાત્રે નાટચર્યા દેખવા લાગો. કૃષ્ણપક્ષ,
અષ્ટમી, રવિવારનો દિન, રાત્રિએ એવે સમે ઉમા પંડ્યાણી ૬૪ ચેલા હલાવી
દીધા, મંત્ર ભણ્યો, અક્ષત લઇ ચેલા ઉપર નાખ્યા; એ બાલક જાગો
રખે, એવો કહીને ઉમા પંડ્યાણી બાહર નીકલી. તે પાછલથી રાજા સાથે

આવ્યો; સ્મસાન જઇ આંબલી ઉપર ચડી- પાછલથી રાજા પણ ગ્રહ્યાને
ગોદડ લાગો- ત્યારે વૃક્ષ દંડ અકસ્માતનું મારો. ત્યા[રે] વૃક્ષ [અં]તરિક્ષ
ગયો; જઇ લંકાને વિષે ઉતર્યો. તીહા ચોસઠ જોગણી વસે છે. ભૈરવ
કીલકીલાયે છે, તીહાં ઉમાદેવી ઊભી રહી. ત્યારે ખેત્રપાલ ઉમાદેવી પ્રતિ
કહ્યો, રે ઉમાદેવી! તે ઘણા દીન કીમ લગાવ્યા? હમારું વરસિન છતાં
ઘણા દીન હુવા છે. [19-B] ત્યારે ઉમાદેવી બોલી, હો સ્વામી! અત્યાર-
લાઇ ચેલા ૬૩ હતા, હવે ૬૪ આવ્યા છે. તે સ્વા ચેલા ૬૪, કૃષ્ણપક્ષ,
ચઉદશી, રવીવારે તુમને દઇસ, એવો ભુતરું દીધું. પછે ઉમાદેવી વૃક્ષ
ઉપર ચઢી, ઘર આવી મંત્ર વિસર્જ્યો. પ્રભાત હુવો. એ અવંતીનો
રાજા વીર વિક્રમાદિત્યને દેખ્યો. દેવસર્મા સ્નાનને ચાલ્યો. દેવસર્મા
આગલ રાજાએ રાત્રનો સર્વ વૃત્તાંત કહ્યો, સ્વામી! થારી હમારી મૃત્યુ
આવી છે. રે પુત્ર! તે કીમ જાણ્યું? હો સ્વામી! લંકાને વિષે ૬૪
જોગણિ ખેત્રપાલને ભોગ દેસે તે સત્ય કરી જાણજો. હો ગુરુજી! જ્યારે
હું નાસું ત્યારે તમે પણ નાસજો. ત્યારે ગુ[રુ]એ સર્વ સ્વીકાર્યું કહ્યો,
રે પુત્ર! વિક્રમાદિત્યનો કહ્યો કીજે. ત્યારે ચઉદસનો દિન આવ્યો,
ત્યારે ઉમાદેવી આપણા ભરતારને વિનવ્યો, હો સ્વા[20-A]મી!
તુમારા સરીર નિમિત્ત ભગવતીની રૂઅ બોલી તે કરું. ત્યારે દેવસર્મા
બોલ્યો, હો સ્ત્રી! બોલ્યા હોઇ તે કીજે. ત્યા[રે] ચઉદસકે દિન ૬૪
ગોહલો દીધા, ચોસઠ ચેલા સ્નાન કરાવ્યા. અંઇ પાટા દેઇ બેસાડ્યા.
ચંદન, ગોરોચન, તીલક દીધા; ૬૪ પાત્ર માંડ્યા, ગુરુ ચેલા બેસાડ્યા;
કનકદંડ સ્વર્ણલિંગ સમાન તે આંગણે મુક્યો. ઉમાદેવી મંત્રાક્ષર ભણી
દસ દિસાને વિષે નાખ્યા, ત્યારે અતિ રૂપ ભયાનક દીઠો. ત્યારે
વિક્રમાદિત્ય દંડ લેઇને નાઠો; સાથે ચેલા ગુરુ સહીત નાસી ગયા.
ત્યારે ઉમાદેવીને જોગણી, ભૈરવ, ખેત્રપાલે ખાવીને મારી નાંખી.
॥ ઇતિ પ્રથમ દંડ: ॥

# [૨. અજિતદંડ (મુખ્ય વાર્તા)]

પરંતુ વિક્રમાદિત્ય ભમતાં ભમતાં સમુદ્ર પર જઇ ઉ[ભો] રહ્યો. તીહાં દેખે તો ૧ દ્વીપ ઉજડ પડ્યો છે; તીહાં જુહે તો હસ્તી, ઘોડા, [૨૦-B] ઉટ, ખેચર નૃત્ય કરે છે, પણ નગર મધ્યે મનુષ્ય નહી. ત્યારે રાજાએ ગુરુસ્યું કહ્યો, હો સ્વામી! તમે બ વાગમાંહે વસો, હું નગરની ખબર લઇ આવું. ત્યારે વિક્રમાદિત્યે નગરમાંહે પ્રવેશ કીધ્યો; તીહાં જુહે તો ધવલગ્રહ, રત્નજડિત અનેક પ્રકાર દીઠા. તીહાં દેખે તો સભામંડપ મધ્યે હીંગલાટ ઝુલે છે, તે માંહે માંજરી ૧ બેઠી છે, તીહાં રાજા વિક્રમાદિત્ય જઇ ઉભો રહ્યો. માંજરી દેખી વચન બોલ્યો, રે માંજરી! તું કુણ છે? ત્યારે માંજારીએ રાજાને દેખી સમસ્યા કીધી, હો રાજા! શ્વેત અંજનકુંપી માંહે છે તેહ મારા નેત્રમાંહે આંજ, પુછું વાત કહું. ત્યારે વિક્રમાદિત્યે શ્વેત અંજન માંજરીની આંખે કીધ્યો; દે[ખે] તો પરમ રાજકન્યા, પરમ સુંદરી હુઇ. ત્યારે રાંને પુછી, હો કન્યા! તું ઇણ રુપ કુણ છે તે વાત કહો. ત્યારે કન્યા [૨૧-A] બોલી, હું ઇણા દેસના રાજાની કુંવરી છું. હમારે પિતા, રાજા વિક્રમાદિત્ય [વૈ]રભાવ રાખ્યો છે. એવે અવસર પાપયોગ દૈત્ય સમુદ્ર મધ્યેથી ઉઠ્યો. નગરમાંહેના લોક રાજા સર્વે નાસી ગયા; મુને સાહી લ્યાવ્યો, માંજરી કરી મુકી. દૈત્યના ત્રાસથી કોઇ મનુષ્ય આવવા પામે નહી. ત્યારે રાજા બોલ્યો, રે કુંવરી! થારો દૈત્યને પુછજે, દૈત્ય કીમ મરે.[૫] ત્યારે દૈત્ય બોલ્યો,

---

૫. આ પંક્તિ પછી, કુંવરીએ દૈત્યને, તેનું મરણ શાથી થાય એવો પ્રશ્ન પૂછ્યો હોવો જોઇએ; તે પંક્તિ અહીં લહિયાની ભૂલથી પડી ગઇ જણાય છે.

શ્લોક: स्त्रीं गुह्यं न कर्त्तव्यं [कथयितव्यं] कंठे प्राणगतोऽपि।
- - - - - - - - - - - - - - - - - ॥२२॥[૬]

ત્યારે [કુવરીએ][૭] હસીને વાત પુછી; ત્યારે કુંવરીસું દૈત્ય કહણ લાગો કે, હમારે માથે જો દંડપ્રહાર કરો તો હમારા પ્રાણ છે, નહીંતો નહીં. એ વાર્તા કુવરીએ રાજા વિક્રમાદિત્ય આગલ કહી. ત્યારે રાજાએ કુવરી [પુછ્યું કે,] એવો દંડ પ્રુમાંહે મલે છે કે નહિ? ત્યારે દૈત્યાની વાત કુવરીયે [21-B] રાજા વિક્રમાદિત્ય આગલ કહી, જો દૈત્ય પૂજાને સમે દાડી? હેઠ મુકી દેયાન ધરી દંડની પૂજા કરે છે. એ વાત સાંભલીને ફૂલમાંહે છાની રહ્યો. એવે અવસર પહર ૧ પાછલે દૈત્યનો આગમન હુવો; વાયુ વાયો, અંધારઘોરી હુઈ, પ્રૃથવી ડગમગી, મહા હડહડતો ધોલગ્રહમાંહે આવ્યો. ભાઈલાઈનો રુપ ત્યાજીને કન્યા હુઈ. ત્યારે દૈત્ય બોલ્યો, હો કુવરી! તુ પાસે વાર્તા કુણ કરતો હતો, તે વાત મોસું કહો. હો દૈત્ય! તમારા ભયથી કુણ આવી સકે? રે કુવરી! તું મિથ્યા કાંઈ બોલે? કોઈ મનુષ્ય ઘરમાંહે છે. હવણા પૂજાને ભક્ષ કરીસે. એવે સમે વિક્રમાદિત્યો દંડ ગ્રહી બોલ્યો, હો દૈત્ય! પરાક્રમ કીધો જાહે તે કરો; હું વિક્રમાદિત્ય છુ. આજ હું તુને મારું. ત્યારે દૈત્ય યોજન ૧ [22-A] ઉચો હુવો. ત્યારે વિક્રમાદિ[ત્યે] વેતાલ સમર્યો. વૈતાલસ્કંધે રાજા યોજન ૧ ઉચો હુવો. ત્યારે વિક્રમાદિત્યે દંડપ્રહાર માર્યો, દૈત્ય આરડી પડ્યો. ત્યારે જેજેકાર હુવો. ત્યારે આગ્યા વેતાલે દૈત્યનો આહાર કીધો. તબ દૈત્ય સમસ્ત લોકે મારયો સાંભલ્યો, ત્યારે સર્વ પ્રજા રાજા વિક્રમાદિત્યને આવી મલી. ત્યારે રાજાએ કુવરી પરણી. રાજા દંડ ર, કન્યા પરણી ઉજેણ આવ્યો. ઉજેણ વાજા વાજ્યા, ઉછાહ હુવો. ત્યારે રાજાએ ફરી ગાંછી તેડી, વાત કહી; હો ગાંછી! કેવો હોસે તે કહો, જેમ આગલો કામ સરે. હો રાજા! તું ગંભાવતી નગરી જાણો; તીહાં રાજા ત્ર્યંબકસેણ છે. તેની કુવરી ત્ર્યંબક[મા]લા નામ છે. તેને ભંડાર રત્નમંજૂસા છે, તે તું

૬. આ શ્લોકની બીજી પંક્તિ પડી ગઈ છે; અનુષ્ટુપ છંદની આ પંક્તિમાં ભંગ છંદ તૂટે છે.

૭. અહીં હસ્તપ્રતમાં, 'દૈત્યે' શબ્દ છે એ 'કુવરીએ'ને બદલે ભૂલથી લખાયો છે.

## [3. રત્નમંજૂષા (મુખ્ય વાર્તા)]

લ્યાવનું. ત્યારે રાજાએ વૈતાલ સમરયો, ત્યારે રાજાને દેવો[22-B]લગ્રાહ આણી રચો. વીક્રમાદિત્ય અને વૈતાલ રાજાને સમે નાટચર્ય રહ્યા. ત્યારે ચંપકમાલાયે સકલ દાસી વિદા કરી દીધી, એક દાસી પાસે રાખી. ચંપકમાલા ગ્રહ આગળ રાણી. એવે અવસર પુરુષ ૧ સાંડડી બેઠો દેસાંતરથકી આવ્યો. તે દેવોલગ્રાહ તલે ઉતરયો. સાંડડી બાંધી, પછે દેવોલગ્રાહ ઉપર ચઢ્યો, કુંવરી પ્રતિ કહ્યો, હો કુંવરી! મુને રાજા કનકસેણ ત્યાં મોકલ્યો છે; હો કુંવરી! તુ વેગી ચાલ. તબ કુંવરી [દેવો]લગ્રાહથી ઉતરી, જઈ સાંડ બેઠી. એવે અવસર રત્નમજૂસ દેવોલગ્રાહ વિસરી, ચિત્તમાંહે આવી, રે સેવક! તુ રત્નમજૂસ ઘરમાંથી આણી. ત્યારે સેવકે રત્નમજૂસ માથે કરી, ભંડારમાહેથી લેઇ આવ્યો. એવે અવસર વિક્રમાદિત્યને ચંદ્રહાસ્ય ખડ્ગ કરીને [સેવક] મારો. રાજા રત્નમજૂસ માથે કરી, આગે જાઇ ઉભા ર[23-A]હ્યા. ત્યારે કુંવરી બોલી, હો દૂત! રત્નમજૂસ બાંધિ બાંધી વેગો ચાલિ. તબ વિક્રમાદિત્ય-ચંપકમાલા અસવાર હોઇ ચાલ્યાં. ચાલતાં ચાલતાં માર્ગ ઘણો ક્રમ્યો પણ રાજા બુટે નહિ. નહી. ત્યાર ચંપકમાલા બોલી, હો દૂત! તુ માર્ગ ભૂ[લો] છે; તુ તો મુને કઇ લેઇ આવ્યો? ત્યારે વિક્રમાદિત્ય બોલ્યો, હો કુંવરી! હુ તો તારો સેવક ન હોઇ; હું ચોર છું. તમારા ઘરમાંહે [ચો]રી આવ્યો થો. તીહા મે થારો સેવક મારયો અને ચોર કારીને થા[રી પા]સ લ્યાવ્યો. હમારી સ્ત્રી અવંતી જુવાં હારી છે, તેને સાટે તુને દેહું, અને આને છોડાવું. ત્યારે કુંવરી બોલી:

### [સર્પ અને પારધી (પેટાવાર્તા)]

એક સમયે સનહો દૂત પારધીએ સાપ ૧ સાંધ્યો. તે પારધીએ ટોપારામાંહે ઘાલ્યો; ઘણો ક્રોધ કરી ભીતર મુક્યો. સર્પને ભૂખે તરસે મારે. એવે સમે શ્રીગોપાલની કૃપાથી ઉંદર ૧ આવી ટોપારે લાગો ઉણે માર્ગ સર્પ નીક[23-B]ળી ચાલ્યો.

~~[...] હસ્તપ્રતમાં અહીં ભૂલથી 'હે' [...] શબ્દ લખેલો છે.~~

કુંવરી કહ્યો, જુ મારી લાજ પરમેશ્વરને છે. તબ દૂત આગે કુંવરી ચંપકમાલ
કથા કહેવા લાગી, ત્યારે શ્લોક ભણ્યો,

सर्वत्र धवला: हंसा: मयूरा: सर्वचित्रिता: ।
सर्वत्र जन्ममरणां सौभाग्यं सर्वभोगिनाम् ॥२३॥

હો વિક્રમાદિત્ય! એ કથા સાંભલ:

[ ચંદ્રસેન રાજાની જાંબવતી (પેટાવાર્તા) ]

વિદ્યાવતી નામ નગરી. [ચં]દ્રસેખર રાજા રાજ્ય કરે. તે રાજા અત્યંત સૂર અને દાતાર. એક સમે રાજા આપણી કીર્તિ સુણવાને નરચર્યા નીકલ્યો; ફરતાં ફરતાં બ્રાહ્મણને ઘેર ગયો. તે બ્રાહ્મણ આપણા પુત્રને શ્લોક ભણાવે છે તે રાજા ચંદ્રસેણે સાંભલી, 'એ શ્લોકનાં ત્રણ પદ ત્રણ સાચાં છે, ચોથું પદ જુઠું છે. બીજા પ્રતીત અર્થ પામાજે નહીં. ત્યારે રાજા નરચર્યા સાંભલીને ઘેર આવ્યો. પ્રભાત સમે રાજા સભામાંહે બેઠો. ત્યારે રાજાએ શ્લોક સા[24-A]ભલવા બ્રાહ્મણ તેડ્યો. રાજાએ કહ્યો, કહો સ્વામી એ શ્લોકનો અર્થ, ત્રણ ચરણ સાચાં, ચોથો પદ જુઠો. હો સ્વામી! ઇહાં ભોગ્ય છે પણ લીજે કઇ જાજે, તીહાં એવો ભોગ્ય છે કે નહીં. રાજા! આપણા ભાગ્ય અજમાઇ જોઉં. ત્યારે રાજા ચંદ્રસેણ શ્લોકનો ભાવ જોવાને ચાલ્યો. રાજ્ય પ્રધાનને સુપ્યું, દેસાંતર ચાલ્યો; ભમતાં ભમતાં ઘણો માર્ગ ક્રમ્યો, ત્યારે રાજાએ આપણો રૂપ તજ્યો. ભગવતી વિદ્યાવતી સુમરી, ત્યારે ભગવતીએ વર દીયો, હો રાજા! માગ્યો, ચાહે સો માગો. ત્યારે રાજા બોલ્યો, હો ભગવતી! હમારો રૂપ કોઢી કરો. ત્યારે રાજા ગલત કુષ્ટીનો રૂપ હુવો. ત્યારે રાજાએ વૈતાલ પ્રેરીને નગરપ્રવેસ કીયો; બાજારમાં જાઇ, ઉજડ દુકાનમાંહ પડ્યો. ત્યારે નગરમાંહે દુ[24-B]ર્ગંધ આવવા લાગી. એવે સમે નગરીનો રાજા મહમમોહિકની દેહટે જોઇ પડ્યો; દુર્ગંધ આવી. ત્યારે રાજાએ આપણા પ્રધાનને કહ્યો, હો પ્રધાન! નર્ક સ્વર્ગ ઇહાં છે. એવો દેખી આપણે ઘેર આવ્યો, સભામાંડપ બેઠો.

ત્યારે સર્વ આગલ રાજા હાથ જોડીને ઉભો રહ્યો. તીહાં રાજાની કન્યા જંબવતી આવીને રાજાને ખોલે બેઠી. ત્યારે રાજા આપણી સભા જોઈને ગર્વ આણ્યો, ત્યારે બોલ્યો, હો સેવક ! તમે કેને ભાગ્યે ખાઓ છો? ત્યારે સેવક બોલ્યા, રાજાજી ! હમે તમારે ભાગ્યે ખાઈયે છે, સર્વ સેવકે હાથ જોડીને રાજા પ્રતિ કહ્યું. એવાં વચન સાંભલીને જંબવતીએ આપણો માથો ધૂણ્યો. ત્યારે રાજાએ કુંવરી પ્રતિ કહ્યો, હો પુત્રી ! તેં માથો [25-A] કાંઇ ધૂણ્યો ? ત્યારે કુંવરી બોલી, હો રાજાજી ! એ સર્વે તમારો ખાંહાં કરે છે. એ સર્વ થારે ભાગ્ય નાહિ ખાતા, એ આપણાં ભાગ્ય ખાયે છે. રાજા ! તમે સાંભલો, એક ઓલગાણો લાકૂ ચાવે છે, એક સેવક સકલ દિવસ રાજાની કાવડ વહે છે તોય એની ઘડી ૧નો રોજ નથી પામતો. ત્યારે રાજા બોલ્યો, હો પુત્રી ! તું કેને ભાગ્ય ખાયે છે? રાજા ! હું આપણે ભાગ્ય ખાઉં છું. એવો વચન સાંભલી રાજા કોપ્યો, રે પ્રધાન ! હાટમાંહે કોડી પડ્યો છે તેને આણી, જંબવતી પરણાવ. એવાં સાંભલીને પ્રધાન અંતપુરમાંહે જઇ રાણી પ્રતિ કહ્યો, ત્યારે અંતપુરના લોક સર્વે કાંપવા લાગા. ત્યારે રાજાની આજ્ઞા માની, પ્રધાન કોડી લઇ આવ્યો. રાજસભામાંહે કોડીને [25-B] લઇને ઉભો કીધો. રાજાએ વીવાહ કરી જંબવતીસું એવું કહ્યું, હો કુંવરી ! ભાવે તીહાં જાઓ. ત્યારે જંબવતી વાત સાંભલીને હર્ષ ઘણો કીધો. એવાં વચન સુણી કોડી કુંવરી પ્રતિ બોલ્યો, જો મુને બંધન કાંઇ કરે તો ચાલ્યો જાઉં. ત્યારે કુંવરી વચન સાંભલીને વાંસનો કરંડ મગાવ્યો, તે માંહે કોડીને બેસાડ્યો; કુંવરી માથે કરી ચાલી ત્યારે કોઢી પરમ સુખ પામ્યો. કુંવરીનાં વસ્ત્ર રુધિરપરુસું ભરાવા લાગાં, પણ કુંવરીએ મન મેલો ન કીધો. ત્યારે કુંવરી કોઢીને લેઇ કોસ ૧ ગઇ માલાણ ઉતર્યા, પ્રભાત હુવો, પુનરપિ માર્ગે ચાલ્યા. તે મધ્યે નગર ૧ આવ્યું હુવો; તીહાં એક વાડીમાંહે આમ્રવૃક્ષ, તેને હેઠલ ઉતર્યા. તીહાં કોડી કુંવરી પ્રત બોલ્યો,

હો જાંબ[વ]તી ! હું ભુખો છુ[26-A]છો. ત્યારે કુંવરી નગર મધ્યે ભીક્ષા માંગવા ગઈ; કુંવરી ભીખ માગી લ્યાવી. એવે અવસર રાતે [મો]ટે તો કોડીને ખાસ સ્વાસ હુવો; આંખ ફાડી રયો. ત્યારે કુંવરી રાતે કોડીને જગાડ્યો, સાવચેત કીધ્યો, ત્યારે કુંવરી પ્રતિ બોલ્યો, હો કુંવરી ! થારે પિતાઈ મહા ઉપરાધ કીધો જે કોડીને દીધી; જે કોઈ કોડીસું કાઠ પાતો નથી; તુ સ્ત્રીરત્ન છે, તુ મુને દેખતાં મર. એવાં બચન [કોડી]નાં સાંભલીને જાંબવતીને કંપ ઉપનો; નેત્રથી આંસુ પડ્યા. ત્યારે કુંવરીને શ્લોક ભણ્યો,

ये पुत्रास्ते पितुर्भक्ताः स पिता यस्य पोषितः ।
तन्मित्रं यस्य विश्वासो भार्या यस्या पतिव्रता ॥२४॥

હો સ્વામિ ! તુંમારી સેવા કરું તો હમારો ધર્મ છે; એવાં વચન કુંવરીનાં સાંભલીને કોઢીનો મન દૃઢ હુવો. [26-B] કુંવરીકો ચિત વિકલ દીઠો નહી; ત્યારે ચોથો પદ બ્રાહ્મણમાં સાચો ભણ્યો. ત્યારે રાજાએ પુનરપિ ભગવતી સમરી. ભગવતી પ્રત્યક્ષ આવી, ત્યારે કોડી બોલ્યો, હો ભવાની માત ! હમારો રૂપ જેવો થો તેવો કરો. ત્યારે ભવાનીયે જેવો રૂપ હતો તેવો કીધ્યો. ત્યારે કુંવરીયે રાજાનું રૂપ ઉત્તમ દેખીને કંપ ઉપનો; ત્યારે કુંડી કર્યો, હો પરમેશ્વર ! મને કાઈ લંછન લગાડે છે? હમારો તો સ્વામી કોઢી થો; એવાં વચન કહીને કુંવરીને ભય ઉપનો. ત્યારે રાજા જાંબવતી પ્રતિ [બો]લ્યા, હું રાજા ચંદ્રસેણ છું; મેં માયા કરી રૂપ ધરયો થો. ત્યારે જાંબવતી બોલી, હો રાજા ! આપણો રૂપ જે[વો] થો તેવો ફેરી કરો તો પ્રતીત હોએ. ત્યારે રાજા પુનરપિ કુઢી હુવો; ત્યારે જાંબવતીનો મન થીર હુવો; ત્યારે અત્યાંગ હુ[27-A]ઈ જાબવતી રાજાને પગે લાગી. પુનરપિ રાજાએ સુંદર દેહ ધરયો, ત્યારે રાજા પ્રતિ જાંબવતી બોલી, હો રાજા ! હમારો પિતા તમારા ગુણ સું જાણે ? ત્યારે ચંદ્રસેણ બોલ્યો જે, થારા પિતાને સુવર્ણમય, રત્નજડિત મંદીર કરી દેખાડું. ત્યારે રાજાયે પુનરપિ ભગવતી સમરી. ત્યારે ભગવતીએ સુવર્ણમય મંદીર કરી દેખાડ્યાં.

---

૯. અહીં, હસ્તપ્રતમાં ‘જાંબવતી’ શબ્દ ભૂલથી લખાયેલો છે.

પ્રભાત હુવો ત્યારે સકલ વૈતાલપુરીના લોગના ગ્રહ સુપનિ દીઠા. ત્યારે રાજાએ જંબાવતીના પિતાને ખબર કીધી. ત્યારે રાજા સકલ લોક સહિત મિલવા આવ્યો, જંબાવતીની પોલ ઉભો રહ્યો; પ્રતિહારનું ખબર કરી મોકલી. ત્યારે રાજા ચંદ્રસેનને મનમોહિકની સેવા કરી; સીહાસન ઉપર બેસાડ્યો; કુસલપ્રશ્ન પુછ્યો. ત્યારે રાજા ચં[27-B]દ્રસેન મનમોહિકની બાંહ સાહીને મહલમાંહે જંબાવતી હીંગલાટ ઝુલતી થી તીહાં લઇ ગયો. ત્યારે રાજાએ જંબા[વ]તીને જોઇને આપણાં નેત્ર મીચ્યાં; હમારી આ નિંદકન્યા છે, એવાં વચન રાજા મનમોહિકનાં સાંભલીને પુનરપિ કુસટી હુવો. ત્યારે રાજા અષ્ટાંગ હુઇને પગે લાગો. ત્યારે મનમોહિક વ ચંદ્રસેનકો વિવાહ કીધો; અષ્ટ પ્રકારનો દાયજો દીદ્યો. ત્યારે ચંદ્રસેનને ચોથો પદ શ્લોકનો સાચો મલ્યો.

એ કથા ચંપકમાલાએ રાજા વિક્ર[માદિત્ય] આગલ કઇ. વિક્રમાદિત્યે ઘણો હર્ષ કીદ્યો, પછે માર્ગ ચાલ્યો. અર્ધરાત્ર વનમાંહે નદી ૧ આડી આવી, ત્યારે રાજાએ ચિંતવ્યો, જે નદીનો પાર જણાજે નહી, પ્રભાતે ચાલસાં. એવે અવસર મનુષ્યગંધ જાણી સિં[28-A]હ આવ્યો, ત્યારે ચંપકમાલા ભય પામી; હો રાજા! થારે સરણ છું. ત્યારે રાજાએ અર્ધ-ચંદ્ર બાણ લીધો, સિંહને માર્યો. પ્રભાત હુવો; ચંપકમાલાસુ રાજા બોલ્યો જે, રાત્રે સિંહ માર્યો છે તે બાણ લઇ આવ. ત્યારે ચંપકમાલા બાણ લ્યાવી; સિંહ પડ્યો દીઠો ત્યારે કહ્યો, પુરુષ સબદભેદી છે, ચો મહારાજા છે. ત્યારે ચંપકમાલાને ઘણો હર્ષ કીયો, બાણ લઇ રાજાને દીદ્યો. ત્યારે રાજા સાંડ બેસી અસવાર હોઇ ચાલ્યો; કુંવરી પ્રતિ કહ્યો, હો કુંવરી! સિંહાસનની વાત કહી રખે કહે. ત્યારે રાજા નદી ઉતર્યો. પ્રભાત હુવો. ત્યારે રાજાનો રૂપ અત્યંત સોભા પામવા લાગો, ત્યારે કુંવરીએ મનને વિષે ઘણો હર્ષ કીદ્યો; મહ્યાહ્નતાંઇ ઘણો માર્ગ કીધ્યો; તીહાં નગર ૧ પ્રાપ્ત હુવો. તીહાં ચંપકમાલા પૂછી છૂ[28-B]ઇ, હો પુરુષ! નગરમાંહે થી

કાઇ લાવજેઃ સુ ભોજન કરસો ? ભોજન કરી આગ[લ] ચાલ્યા-તબ
વાડી ૧ મધ્યે શ્રવણાકો દ્રવ્ય છે તીહાં ઉતરુઃ ઉતરી રાજા નગરપ્રવેશ
કીયો. તે પાછે, વેશ્યા ૧, છોકરી ૪ સાથ લઈ કુંવરી પાસ આવી ઉભી
રહી બાત પુછી, હો પુત્રી ! તુ કોણકી કન્ય છે તેણો નામ તુ પ્રતિ કહી.
ત્યારે ચંપકમાલાયે આપણા માતાપિતાનો નામ કહ્યો- ત્યારે વેશ્યા
બોલી, થારી માતા હમારી બેન છે. ત્યારે કુંવરી ગલે લાગી રોઈ. હો
પુત્રી ! થારો ભરતાર ક્યાં છે તે તુ કહે તો સોધિ આણાવું; તુ મારે
ઘર ચાલ- ત્યારે કુંવરીને લઈને વેશ્યાયેં આપણે ઘર પ્રવેશ કીધો.
નીમખ ૧ ગયો ત્યારે વેશ્યા માતાસું બોલી, હો પુત્રી ! તમારે પ્રદ્યાન-
નો પુત્ર મીત્ય પ્રતિ આવે છે. તે તારો ભરતાર [રવ-મી] કીહાં છે તે
તમો કહો તો સોધી લ્યાવું. તુ કાંઇ ચિંતા રખે કરે- ત્યારે ચંપકમાલા
બોલી, હો વેશ્યા ! હુ આપણી મૃત્યુથી બીહે નહી તે દાણ- આ દાસી
કીધા છે તો મુખ કાષ્ટ દેઇને ? ત્યારે વેશ્યાયે મનમાહે ચિંતવ્યું, હો
પુત્રી ! અવશ્ય તોને કાષ્ટ દેહુ- ત્યારે વેશ્યાયે વાજિત્ર મંગાવ્યો. વેશ્યા
ચંપકમાલાને કાષ્ટ દેવા ચાલી. ત્યારે ચિંતા ઉપની- ત્યારે કુંવરી સ્નાન
કરી ઉભી રહી- એવે અવસર રાજા શ્રીવિક્રમાદિત્ય ઉજેણી નગરીથી
આરત હુવો મનમાહે ચિંતવ્યો, એ વેશ્યાની છોકરી કાષ્ટ લે છે તે દેખુ,
આવી દેખણ લાગો- વેશ્યા પણ ઉભી દેખે છે. ત્યારે ચંપકમાલાયે
નારીને હસ્ત મધ્યે લીયો, અને રામનામ સબ્દ ઉચારણ લાગી- જ્યો
સુંદરી નારીકો કાષ્ટને વિષે નાખે છે એવે અવસર રાજા વિક્રમાદિ[ત્યે]
ત્યાને કુંવરીનો હાથ સાહ્યો- ત્યારે રાજા દેખી ચંપકમાલાને લજ્જા
કિધી, ત્યારે રાજાને ચંપકમાલાને પાછલ્યો સંકેત કહ્યો; ત્યારે
ચંપકમાલાની વા[ત] સાંભલી નગરીના રાજા પ્રતિ રીસાણો- તેણે
રાજાને વિક્રમાદિત્ય પોહચાડ્યો, ત્યારે રાજા વિક્રમાદિત્યને મલવા

આવ્યો; ત્યારે આવી દંડવત્ કીધ્યો, રાજાજી! એ દિન ધન્ય જે, તમારાં ચરણ દીઠાં. ત્યારે રાજા વિક્રમાદિત્યને નગરને રાજાયે આપણે ઘર લઇ આવ્યો. પોતાની કન્યા અને ચંપકમાલા હોઇ રાજા વિક્રમાદિત્યને પરણાવી; દશ પ્રકારનો દાયજો દીધ્યો. વેશ્યાનો નાકકાન કાટી દેશનિકાલો દીયો. ત્યારે રાજા વિક્રમાદિત્ય દોહી સ્ત્રી રાજમંજૂસ લઇ ઘર આવ્યો. અવંતિમાંહે નિસાણ વાજ્યાં, ઉછાહ કીધ્યાં. [30-A] ત્યારે રાજા સાહાસણ બેઠો. પુનરપિ ગાંછો બુલાઇ, હો ગાંછા! આગલ પંચદંડની વાર્તા કહો. તબ ગાંછો બોલત,

## [૪. પ્રધાનની પુત્રવધૂ (મુખ્ય વાર્તા)]

હો રાજા! થારા મંત્રી પ્રધાન છે, તેણે નામ ધારસેણ છે; તેને દુઃખ, જીમ થારો કામ સિધ્યા હોએ. ત્યારે રાજાહે એવું કહ્યુ, હમારો મંત્રી દંડન યોગ્ય નહી. હો રાજા! મંત્રી દંડે, આમલપ્રમાણ મોતી પામસો. તો હું દંડાઉ છું, એવો ગહીને ગાંછો ઘર ગઇ. ત્યારે રાજાએ [મં]ત્રીને દંડનો ઉપાય કીધ્યો. તે મંત્રીના પુત્ર ૨: એકનો નામ વિવિધછત્ર, બાજો સિધસેણ. તેની બહુ ચિત્રલેહા નામ છે, તે સકલ આગમ જાણે છે; કાક ભાષા, પશુભાષા સર્વ જાણે. તે એક સમે પોતાની ચિત્રસાલી સૂતી હતી. તોહાં રાત્રે શિયાલ બોલ્યો, ત્યારે ચિત્રલેહાએ વિચારયો જે, શિયાલ બોલ્યો છે તેથી મારા [30-B] છહે રાજા વિક્રમાદિત્ય મંત્રીને દંડ અને સકલ ધન લેસી. ત્યારે ચિત્રલેહા આપણા મનમાંહે વિચારયો, યા શિયાલ સત્ય બોલ્યો છે. ત્યારે ચિત્રલેહા બુધ્ય કરીને છાણા-માંહે રત્ન ઘાલી થાપ્યાં, નિશ્ચિંત હોઇ રહી. ત્યારે રાજાએ એક

~~દિન મંત્રી બુલાવીને લેખુ પુછ્યું, સુના માંગ્યાં, ત્યારે મંત્રીએ ઘર~~

લુટાયો; માંગી ~~લુસ~~ લુટીનૈ ધન સબ રાજા દાર લ્યાવો. ત્યારે ગંગામાં
બોડો ચાન ૩ દીધા કે, જુ હમારી સતામાંહે રમે રહે. ત્યારે
વીરસેણ સકલ કુટંબ સહિત નગરમાંહેથી ચાલ્યો. ત્યારે ચિત્ર-
લેહાયે છાબમાંહે રત્ન ઘાલ્યા થા તે ટોપલામાંહે ડાલીનૈ માથે
લેઇ ચાલી. ત્યારે વીરસેણ બહુ પ્રતિ બોલ્યો, હો બહુ! એ
છાબાં ગરા ભારે; હમને કાઇ લજાવે છે. ત્યારે બહુ સસરાસું બોલી,
હો સસરાજી! એ છાબાં [31-A] દુરતર હોહે. આપણા દીન
વાંકા છે. આગે ગાતાં છાબાં છોડ્યા, રત્ન ગાંઠડી બાંધ્યાં. આગે
ક્રમતાં દાણા ભૂખ ગયા; રાજાનો દેસ મુક્યો. આગે સોભિત
નામ પટન ગયા. તીહાં સુરસેન નામ રાજા રાજ્ય કરે છે. તે
નગરની વાડી માંહ ઉતર્યા. ત્યારે વીરસેણ બોલ્યો, રે કુટંબ!
કોઇ પાસે ટકો પઇસો હોસે તો ખાવા લઇ આવજ્યો. ત્યારે
[છો]ટા બેટાની બહુ ચિત્રલેહાનાં રત્ન માંહેથી ૧ કાઢી દીધ્યો;
હો સસરાજી! કાઇ ખરચા કરો ને કામ ભલ્યો. ત્યારે વીરસેણ
રત્ન લઇને બજારી ગયો. ત્યારે જેઠસું કહ્યો, હો સ્વામી! જેઠજી!
રત્ન ૧ લઇ જાહો; હમ ભૂખ્યા છાં, કાઇક અન્ન લાવો. તે રત્ન
જેઠ લઇ ગયો, તે પણ આવ્યો નહી. ત્યારે ચિત્રલેહાએ આપણા
ભરતારને કહ્યો કહ્યો, હો સ્વામી! રત્ન ૧ લઇ જાહો ને કાઇક
ભોજન સા[31-B]રુ લાવો, હમ ભૂખ્યા છાં. ત્યારે ભરતા-
પણ રત્ન લેઇ ગયો. ત્યારે રત્ન જ કાઢી સાસુને દીયાં. સાસુને
કહ્યું જે, હમો ભૂખ્યાં છાં. ત્યારે સા[સુ] રત્ન જ ગાઢ બાંધી લઇ
ગઇ, આવી નહી. ત્યારે ચિત્રલેહા દાણી દુખણી હુઇ. હો જગદીસ!
હવે હમે કીયાં જાસાં? તબ આપણી જેઠાણીસું ગાનો કીધ્યો.
ચિત્રલેહાએ કુટુંબનો મોહ કીધ્યો, આગે જેઠાણીને સ્વામીનો મોહ
ફરી ઘાણી છોડ્યા; નગરમાંહે પ્રવેશ કીધ્યો; રત્ન લક્ષ્યા ૧ સવા

તેઇને જોહરીને માન્યો, અર કહ્યો, હમારો કુટંબ પાછે આવે છે. તબ જોહરી
આપણો ઘર ગયો. સબુદેવા આપણો નામ કહ્યો; તબ જોહરીને ઘણા
ભોજનભક્ત કીધા. સાહસું ઘણો સૌખ્ય બંધાયો. પ્રભાત હુવો. ત્યારે
સબુદેવ ચોહટે આયો, રત્ન પ બટાવ્યા અર સોવર્ણ લીનો. ત્યારે
ન[32-A]ગરસેઠસું મીલી, નગરના રાજાને મીલ્યો; ત્યારે રાજાયે સુબુદેવને
પુછ્યો, હો સાહ ! તું કહાંથી આવ્યો ? ત્યારે સુબુદેવ રાજા પ્રતિ [બો]લ્યો,
હું રાજા વિક્રમાદિત્યનો પ્રધાન છું, તમ પાસે આવ્યો છું. ત્યારે રાજાયે
ઘણો આદર કીયો, અને જગાત સુબુદેવને સુપી. રાજાસુ ઘણો સુખ બંધાયો.
ત્યારે સુબુદેવ વીના બીજો કોઇ કાર્ય કરે નહી. ત્યારે રાજા ઘણી [મા]યા
કરવા [લા]ગો. ત્યારે સુબુદેવે મંત્ર વીચાર્યો, એવો ઉપાય કરું જેથી કુટંબ
મીલે. ત્યારે સુબદેવે રાજાસું અરજ કીધી, હો રાજાજી ! તુમ ત્યાગ કરો મે
ઘણો દ્રવ્ય ઉપાયો છે; અર તુમ્હારી દેસ દેસ વાધે કીર્તિ છે. એવું બચન
સુબુદેવનો સાંભલી રાજા હર્ષ પામ્યો. ત્યારે સુબુદેવને બ્રાહ્મણ બુલાઇ મુહૂર્ત
વિચાર્યો અને ત્યા[32-B]ગ માંડ્યો. દેસદેસકા બ્રાહ્મણભિક્ષુક જે કોઇ
આવી હાથ માંડે તેને ત્યાગ દેવા લાગો. એવા ઘણા દિવસ ગયા. એવે સમે
વીરસેણ ત્યાગમાંહે આવ્યો, ત્યારે સુબુદેવે ન ઓલખ્યો; રે ડોકરા ! તું
કુણ છે ? મહારાજ હું બાહ્યો છું. તબ સુબુ[દેવ]ને કહ્યો જે, સાહજી ! તુ
હમારે રહો. ત્યારે સાહ સુબુદેવનો રહ્યો, વ્યાપાર આદર્યો. એવે અવસર
સુબુદેવનો જેઠ આવ્યો, ત્યારે સુબુદેવે પુછ્યો, રે પ્રદેસી ! તું કોણ છે ? ત્યારે
જેઠ બોલ્યો, મહારાજ ! હું બાહ્યો છું. હો મહાજન ! તુ હમારાં રહે; હમારે
ઘર વ્યાપાર કર. ત્યારે બાપ્પા માન્યા, હર્ષસું બેઠા. એવે અવસર સાસુ
આવી. ત્યારે સુબુદેવે પુછ્યો, રે ડોકરી ! તું કુણ છે ? ત્યારે ડોકરી બોલી,
હું મહાજન છું. ત્યારે સુબદેવે કહ્યો, રે ડોકરી ! તું હમારે [33-A] ઘર
રહો અને ભોજન કરો. ત્યારે ડોકરી રહી. એવે અવસર સુબુદેવનો

મનારિ આવ્યો, સુબુદ્ધિને બેસાડ્યો, રે મજૂર ! તું કુણ છે? મહારાજ! હું મજૂર છું. ત્યારે સુબુદ્ધિએ મજૂર બેઠો કીધો; એહનું મન સૌનું એને અંગે રહવા દીઠું. પરંતુ રાજા દીઠો વાત કરે, રે પુત્ર ! તમારો કોણ કીહાં છે. એ વાત માહરું કહો. ત્યારે બાલકોએ પૂછ્યું ઓલખ્યો, હો માતા-પિતા ! હું નથી જાણતો. ત્યારે સુબુદ્ધિએ રાજાને ઓળખ્યો, એને સમજીને કહ્યો જે, એ બાળક, રાજા વિક્રમાદિત્યનો પ્રધાન છે; એ હમારા વડા છે. ત્યારે રાજાએ વીરસેનને હાથો ગ્રહીને કહ્યું, સુબુદ્ધિને બાગ કરી રાખ્યો. રા વલી ક્રમ ચલાવવા લાગો. ત્યારે સુબુદ્ધિને સેવા કીધી; રાજ-લોકમાંહે જાયે નહીં. ત્યારે ડોકરો હોય પુત્ર આવ્યો, હાથ જોડી વીનતી કરી, હો રાજાજી ! તમે હમને બાંધ્યા પોસ્યા. ત્યારે સુબુદ્ધિ કહ્યો, હો સાહેબ ! તમે હમારી બહુ સેવા કરી. ત્યારે વીરસેન બોલ્યો, હો સ્વામી ! હમે વીક્રમાદિત્યના મંત્રી છાં. ત્યારે રાજાએ કહ્યો દીઠો, ત્યારે તો ઇહાં આવ્યા. આપણો આપણો ઘેર લઈ ગયો. બે બેટાની બહુ કરી ગઈ, ત્યાં બહુ ઠાવી નહીં. એ કામ તુમારી હોસે. ત્યારે સુબુદ્ધિ બોલ્યો, હો સ્વામી ! તમારી બહુ કંઈ નહીં જાયે. હું ઠાવી કરી આવું. પ્રભાત હુવો. ત્યારે સુબુદ્ધિ રાજાની સભામાંહે આવી બેઠો. રાજા પ્રતી ઉઠાવી વેઠી આરતી કીધી, મોટા કરી દેખાડ્યા. એ વીરસેન વીક્રમાદિત્યનો છે, હમારો વડો છે, એવું રાજ્ય કરતાં કેતલાક દિવસ હુવા. ત્યા[34-A]રે વીરસેન બોલ્યો, હો સ્વામી ! તમે વિક્રમાદિત્યના મંત્રી; હું ઇહાં આવ્યે મોટા બેટાની બહુ ગઈ, તો બહુ ઠાવી નહીં. એ કામ તુમારી હોસે. ત્યારે સુબુદ્ધિ બોલ્યો, હો સ્વામી ! તમ બહુ નહીં જાસે. એવે પ્રભાત હુવો. ત્યારે [સુ]બુદ્ધિ સેવરાજજીની સભાઇ બેઠો. રાજા પ્રતિ ઉઠી હાથ આરતી કીધી, મોટા કરી દેખાડ્યા, એ વીરસેન વીક્રમાદિત્યનો છે, હમારો વડો છે. એવા રાજ્ય કરતાં કેટલાક દિવસ ગયા. એક દીન સુબુદ્ધિ જોવા ગયા ત્યાં બેઠી હુતી. ત્યારે ચિત્રલેખાને રથાર જગા બુલાવ્યા. પ્રધાન જોવા ગયો.

પગે [પ]ડી, હું ચીત્રલેહા તુમારા બેટાની બહુ છું. તબ અસત્ય-સાચું કર્યો, એ તમારી સત્યની ઉપાર્જના છે. કેટલાક રત્ન ગાંઠડી બાંધ્યા થા તે સેસરા આગલ મેલ્યા; આપણા વાકાં દીન થા તે ગયા. હવે આપણો [34-B] રાજ્ય ચલાવો. ત્યારે વીરસેન સકલ રાજ્ય ચલાવવા લાગા. કેતા કેતાક દીન ગયા, ત્યારે સુબુદ્ધિ લોક જાણે નહીં. એવ એક સમે, રાજા કુરુસેણને સુબુદ્ધિ યાદ કીયો; ત્યારે સકલ લોક નગરના, રાજા પ્રતિ વીનતી કરી, હો રાજન્! યો સુબુદ્ધિ વીરસેનના લોડા બેટાની વહુ થી. તબ રાજા કુરુસેણ સુણી, આશ્ચર્ય પામ્યો; તબ રાજા વીરસેણ કે ઘર આયો. ત્યારે રાજાએ રાજાની ઘણી ભક્તિ કરી. ત્યારે રાજાએ વીરસેણને પુછ્યો, સુબુદ્ધિ કહાં છે? હો રાજન્! સુબુદ્ધિને તેડી પુછજે. ત્યારે સુબુદ્ધિ અંતરપટ બાંધી, રાજાને નમસ્કાર કીધો. તબ રાજા બોલ્યો, હો સુબુદ્ધિ! પુરુષ થી સ્ત્રી, સ્ત્રી થી પુરુષ, એ વાત કીમ છે? હો રાજન્! ત્રપતિકાના સ્ત્રી હોએ ત્યારે આપણા ભરતારને સોધી લઈ; વાત કહો, આશ્ચર્ય કાંઈ છે? રાજન્! હું કેન માગ? [35-A] રાજા સૂરસેણની કન્યા, મંગલકલશ આપણો ભરતાર પુરુષનો ભેસ કરી સોધી આવ્યો, તાણે અધીક વાત મુશી કીધી છે તે વાત સુણી. ત્યારે [કુરુસેણ][19] [બો]લ્યો, હો ચિત્રલેહા! સૂરસેનની કન્યા રત્નાવલી આપણો ભરતાર સોધી લ્યાવી છે ત્યાં કથા મો પ્રતિ કહે. ત્યારે ચિત્રલેહા કેવા લાગી:

## [ મંગલકલશ અને રત્નાવલી (પેટાવાર્તા) ]

હો રાજા! કૌંચીપુર સોધી લ્યાવી છે. હો રાજા! કોંચપુરપાટન નામ નગર. તીહા સૂરસેન રાજા રાજ્ય કરે. તે રાજાને પુત્ર નહી. ત્યારે રાજા દુઃખી હુવો, ત્યારે રત્નાવલી કન્યા હુઈ, રાજાએ ત્યારે ઘણો હર્ષ કીધો; પુત્ર-સમાન રહે. ત્યારે કન્યા વર પ્રાપ્ત હુઈ, ત્યારે એક દીન રાજસભા માંહે આવી. ત્યારે રાજાએ વરકી વાત કીધી. રાજા કયો કે, કુંવરી મોટી હુઈ;

૨૦. હસ્તપ્રતમાં આહીં ખાડો છે.

૧૯. મૂળમાં ભૂલથી અહીં 'સ્વરસેણ' લખેલું છે.

એનો વિવાહ કરું. ત્યારે રાજાએ ચિંતવ્યો જે, હું કુણ રાજાને દેઉં, એહુ.
[35-B] ત્યારે મંત્રી [બો]લ્યો, રાજાજી! હું કુણ માણસ? હું આપનો સેવક
છા જુગત નહી છે. ત્યારે રાજાએ મંત્રી પ્રતિ કહ્યો, યા કન્યા થારા બેટાને
દેવી. ત્યારે મંત્રીએ ઘણો હર્ષ કીધ્યો. હો રાજા! દિન ૧૦ વિદા દેજે. ત્યારે
રાજા પાસે વિદા માંગી, પ્રધાન આપણે ઘર આવો. આપણી સ્ત્રીસું
[મં]ત્ર કર્યો, હો સ્ત્રી! હમારો પુત્ર તો કુષ્ટી છે તેને રાજકન્યા દેવા કરે છે;
* તે મંત્ર કર્યો, જો રત્નાવતી પરણે તો રાજ્ય આવે. એવી વાત સાંભલી-
ને સાહની સ્ત્રી બોલી, હો દેવી માતા! હમારા પુત્રનો કુષ્ટ જાયે તો?
ત્યારે દેવીની ભક્ત કરતાં કેતાક દીન હુવા. ત્યારે દેવીએ રાજાને સમે
સપનો દીયો, સાહ! થારા બેટાનો કુષ્ટી વ્યાધિ છે, જાસે નહી, દેવી
એવું કહ્યું, હો સાહ! ઉજેણી પુરીને વિષે મંગલકલસ છે તે હમારો ભક્ત
છે; તુ એને વિવાહજે, [36-A] ત્યારે સઘલી વાતનો સુખ હસે. તું છલ
કરીને આપણે ઘેર રાખજે. દેવિ એસો કહ્યો ત્યારે મંત્રીને ઘણો હર્ષ હુવો.
પ્રભાત હુવા પાછે મંત્રી ભીલ તે[ડા]વ્યા તે ભીલ ઉજેણ મોકલ્યા.
તે ભીલે મંગલકલસને ઘરસીપ્રા ભાલાની પૂજતાં સાહી લ્યાવ્યો, આણી
સાહને દીધો. સાહ મંગલકલસની ભક્ત કરવા લાગો. ત્યારે સાહએ
કહ્યો, રે મંગલકલસ! તુને રાજા સુરસેનની કન્યા પરણાવું; ત્યાં તાંઈ
હમારમાં રહો. તુને દાયજાકા છડા ભાગ દઈસ, અને તુને થારે ઘર
મોકલીસ. તબ મંગલકલસ મનમાંહે હરખ્યો; કહ્યું કે, વિધાતાકો
લીખ્યો મેટો ન જાઈ. એક દિન મંગલકલસ રાજાને લઈ દેખાવ્યો.
રાજા વર જોઈને હરખ પામ્યો. ત્યારે રાજાએ કહ્યો, રે મંત્રી! થારો પુત્ર
અંતપુર માંહે લઈ જા. ત્યારે સર્વ રાણીએ મંગલકલસને દીઠો; [36-B]
પરમ સંતોષ હુવો; કન્યા ભાગ્ય છે. તબ રાજા મંગલ[કલ]સને દીધી.
અનેક રાણીએ ભેટ મેલી. કન્યા પરણાવી. ચોરી સરી, દાયજો દીધ્યો;
હેમ, રત્ન, ગજ, અશ્વ, દાસા, દાસી, રાજ્ય દીધો; નેહશ્રી ના છોડાવ્યો.

એવે અવસર રત્નાવલીનો રુપ દેખી વારહ ઉપનો, અશ્રુપાત નાખ્યા. ત્યારે કુંવરીએ દાસી તેડી; હો દાસી! કુંવરને માઠાઇ આણી દેઇ, કુંવર ભૂખ્યો છે. ત્યારે દાસીએ મેવોમીઠાઇ આણી દીધા. ત્યારે કુંવરે મીઠાઇ ચાખી; એવો ક્યો જે, એ મીઠાઇ સીપ્રા નદીકા પાણી જેરે ને મીઠી લાગે, ઇહાં મીઠી લાગે નહી. ત્યારે કુંવરીને મંગલકલસને પુછ્યું, હો સ્વામી! તે સિપ્રા નદી કીયાં છે? ત્યારે મંગલકલસે ક્યો, સીપ્રા નદી ઉજેણનગરે છે. તીહાં હમે વણજ કરાં છાં. ત્યારે કુંવરીએ એવું સાંભલી [37-A] ને પટોલાના અંચલે બાંધી રાખ્યો. ત્યારે મંગલકલસ નીસાણ, વાજિત્ર વાજતે પ્રધાન બહુબેટો દાર લેઇ આવ્યો. દિન ૧ રાખીને મંગલકલસને વીદા દીધા. બાલ બુલાઇ ઉજેણ લઇ મેલ્યો. મંગલકલસ આપણા કુટંબને મીલ્યો. ત્યારે એક દીવસ સોલે સીંગાર કરી, રત્નાવલી કોડી પાસે મોકલી. ત્યારે કોડી નાક બોડો બોલ્યો, હો રત્નાવલી! ઇહાં આવો. ત્યારે કોડીનાં બચન સાંભલીને, ચંદનનો કટોરો ભરયો થો તીણે માથે મારી રાજકુંવરી આપણે ઘર આવી. પ્રભાત હુવો. ત્યારે સાહ ક્યો, રે સ્ત્રી! બહુ કહાં છે? ત્યારે સ્ત્રી બોલી જે, રાતઇ રાંટી તે પાટાર ગઇ. ત્યારે સાહ છાતી પીટતો ટૈટ તોડતો રાજા પાસે આવ્યો. ત્યારે રાજાએ વ્હાલી છાતી પીટતો દીઠો, ત્યારે રાજાએ ક્યો, હો મંત્રેસ્વ[ર]! [37-B] છાતી કાંઇ પીટે? તું સામું કુણ દેખી સકે? હવે તુ સકલ રાજ્યનો ધણી હુવો. ત્યારે મંત્રી રાજાસું બોલ્યો, હો રાજન્! હમારો [illegible] હુવો. હમારો પુત્ર સકલ સંસારે દેખ્યો થો. તે કુંવરીને સંયોગ કરી કુસ્ટી હુવો. આ કુંવરી વિષકન્યા છે. સાસ્ત્રમાંહે ક્યો છે, 'વિષકન્યાકા ભોગથી કોઢી હોય.' ત્યારે રાજા બોલ્યો, એ રત્ન, [illegible] કીમાતા, હમારી દષ્ટે મતી આણો. ત્યારે પ્રધાનનો ઘર વીદા કીધા અને કહ્યો, હો પ્રધાન! થારા બેટાને આગે ઘણો કરસાં. એવા કેતલાક દીન ગયા. એવે અવસર રાજાની કુંવરીને સિપ્રા નદી સુરત આવી. કુંવરીને આપણી માતાસું ક્યો, હો માતા[જી]! તમ હુસરા પ્રધાન આગે કહો, [illegible]

૧૨. આની પ્રાપ્તિ હસ્તપ્રતમાં લખાણનો [illegible] છે.

પ્રધાન આગળની વાત રાજા પ્રતિ કહે. ત્યારે રાણીએ મંત્રી [38-A] તેડી-ને સર્વ વાત કહી. ત્યારે મંત્રી બોલ્યો, હો રાણીજી! વિના પ્રસ્થાવ કીમ કેહજે? ત્યારે રાણીને કહ્યો, હો મંત્રી! પ્રસ્થાવ કીમ જાણજે, એ વાત મોરુ કહો. ત્યારે મંત્રી રાણી આગલ કથા કહવા લાગો:

## [ રાજાના બે સેવક (પેટાવાર્તા) ]

રાજા એક રાજ્ય કરે. તેની ઓલગાણા ૨ સેવા કરે, અને ભૂખે મરે; પણ રાજા ઉને કાંઇ દે નહી. ત્યારે ભાઇને કહ્યો, રાજાસું અરજ કીજે, આપણ કાંઇ દેસે. તબ દુસરો ભાઇ કહે, પ્રસ્થાવ વિના કહજે નહી. ત્યારે એક દીન પ્રસ્થાવ આવ્યો. રાજા આખેટક ચાલ્યો; મૃગની સાથે [ઘો]ડા દોડાવ્યા. ઘોડો નેહ ચુકો. ત્યારે રાજા ભૂમાં પડ્યો. ત્યારે રાજાના દાંત ભાગા, દાંત સર્વ નીકલી પડ્યા. ત્યારે એક ભાઇ રાજા આગો ઉભો રયો, હો રાજાજી! હવે હમારી વીદા દીજે. [38-B] ત્યારે રાજા બોલ્યો, રે સેવક! એ કુણ સમે છે? ત્યારે સેવક બોલ્યો, હો રાજાજી! હમો ભૂખે મરતાં તમરા દાંત દેખી રહતા થા, તે દાંત પડ્યા. હવે હમારી વિદા દીજે. ત્યારે રાજા પ્રસ્થાવ જાણી ખુસી હુવો. ત્યારે ટકા લક્ષ ૧ દેવાડ્યા. સેવક આપણ રાખ્યા.

હો રાણીજી! પ્રસ્થાવ જાણી વાત કહસાં.

ત્યારે એક દિન પ્રસ્થાવ આવ્યો; ત્યારે સિધિ પ્રધાનને રાજાસું કહ્યો, હો રાજાજી! તમારી કુવરી તથા રાણી વીનતી કરવા હોડે છે તે સાંભલો. ત્યારે રાજાએ કુંવરી તેડી, અંતરપુટ દેઇ વાત પુછી. ત્યારે કુવરી વાત કહવા લાગી, હો રાજા! હમારો ભરતાર ઉજેણ છે; તેસું ઇણ મંત્રી છલ કીધ્યો છે. ત્યારે કુવરી પુરુસનો વેષ કીધ્યો; સાથે પ્રધાન કટક દીધ્યો; ઉજેણી કુવરી ચાલી. ત્યારે [39-A] અવંતી આવી, ત્યારે નગરના લોક, રાજા મીલવા આવ્યા. જીહાં કુવરી રાણા બેઠી છે.

તીહાં નગરનો લોક સભા આવી બેઠો. રાજાને મહમાની મોકલી. ત્યારે પ્રધાન કુવરી હોઇ સીગ્રા મઇ બેઠા. તીહાં સાવકર્ણ ઘોડા મંગલકલસના પાણી પાવા આવ્યા. કુવરીએ ત્યારે પ્રધાનસું કહ્યો, એ ઘોડા તુમારા, એ ઘોડા સાથે જાવાં. ત્યારે પ્રધાન ઘોડા સાથે ગયો; મંગલકલસના બાપને મીલ્યા; વાત પુછી, હો સાહજી! એ ઘોડા તમારે કીહાનાં છે? ત્યારે સાહ બોલ્યો, હમારો પુત્ર ચોર સાહી ગયા હતાં; ને સૂરસેણકી કન્યાં રત્નાવલી પરણાવી. તીહાં ઘોડા ચોરને આણી મુક્યા. ત્યારે પ્રધાન [બો]લ્યો, હો સાહજી! તે બેટો કીહાં છે, તે હમને દેખાડો. ત્યારે સાહ બેટો નીસાલ ભણ[39-B]તે દેખાડ્યો, ત્યારે ઘણો હર્ષ હુવો. ત્યારે સિંધ પ્રધાન મંગલકલસને ગુનું દઇ ચાલ્યો. ત્યારે મંગલકલસ પ્રધાન સાહીત બોજન કરવા આવ્યા. બીજા સાથે ઘણા જમવા આવ્યા; સઘલા લોકને વસ્ત્ર પેહરાવ્યાં. ચેલા સકલ ભણવા લાગા. ત્યારે મંગલકલસ દીઠો કે નહી. ત્યારે પ્રધાનને સાહી બાંધ્યો. ત્યારે ચેલા બાહર હેલા સાહને દાર આવ્યા, હો સાહ! થારો બેટો મંગલકલસ બાંધિ લઇ ગયા. ત્યારે સાહ છાતી પીટતો આવ્યો. ત્યારે સિંધ પ્રધાન સાહને સામો આવ્યો; પાછે રત્નાવલી કુવરીનો વેસ કરાવ્યો. ત્યારે સિંધ પ્રધાને એવું કહ્યું, થારા બેટાની બહુ મંગલકલસને મલવાની થી. તે આપણા પીતાને લેઇ આવે છે. ત્યારે સાહ હરખ્યો. ઉજેણના રાજાને ખબર [40-A] હુઇ જે રાજા સૂરસેનનો પુત્રી આવ્યો થો ને મંગલકલસની સ્ત્રી હુઇ. રાજા મલવા આવ્યો, વાત પુછી. અંતરપુર દેખાડી કુવરી રાગાસું કહવા લાગી, હો રાજાજી! તમે સું કીધું છે? જે એક મહાજનની કુવરી રાણા હો ભગાડિ સોંધી લ્યાવ્યો, તીણે મુજા અધીક વાત કીધી છે. ત્યારે રાજા બોલ્યો, હો કુંવરી! તે કથા મોસું કહો. ત્યારે રત્નાવલી રાજા આગલ કથા કહવા લાગી:

## [શ્રીરાજ અને હંસાવલી (ચેટાવાતી)]

હો રાજા! ધામથિલી નામ નગરી. તીહાં ધર્મસેણ રાજા રાજ્ય કરે.

તેનો મંત્રી હરિવંસ નામ સેઠ. તેનો પુત્ર શ્રીરાજ નામ છે. દુસરા સાહની
પુત્રી તેનું નામ હંસાવલી. એ બે નીસાલ પઢે છે. ત્યારે એવું કરતાં સાહનો
પુત્ર અસુરો આવ્યો; સાહની બેટી સવારી આવી. [40-B] ત્યારે
સાહની બેટીસું સાહનો બેટો કહ્યું, રે સાહની બેટી! તું મારી પાટી
માંજ્ય દેઇ. ત્યારે સાહની બેટી બોલી, હું થારી દાસી છું જે પાટી
માંજું? ત્યારે પાઠ્યાના પુત્રે અતગાન્યા કીધા, જે સમુદ્રના બારમાહે
મુકું તો મહાજનનો પુત્ર થા. ત્યારે કન્યા એવું કહ્યું, સાહ પાસ વાંદી
તાજણા માડું તો મહાજનની પુત્રી. એવી વાત ભણી ઉતરચા. આપણે
ઘેર આવ્યા. ત્યારે પાઠ્યાના બેટા ત્યાં બેટી આવવા લાગી. ત્યારે
મહાજનના પુત્રે કહ્યું, હો પિતા! જે સાહની પુત્રી સહ પઢતા થા તે
પરણાવો તો પરણું. ત્યારે મહાજનકો ચિંતવ્યો હુવો. ત્યારે કન્યા
પરણીકે, ઘર [આ]વ્યો. ત્યારે સાહનો બેટે એવું કહ્યું, હો પિતા! હું
વ્યાપાર કરું. ત્યારે વ્યાપાર નિમિત્ત [41-A] સમુદ્રને વિષે જહાજ
ચઢ્યો; સાથે ઘણી લોક. એસે અવસર સમુદ્ર ક્રમતાં બારમાહે
ગયા; સકલ લોક જહાજથી ઊતર્યા; ત્યારે અર્ધરાત્ર હુઇ; ત્યારે
વાયુ વાયો; ત્યારે જહાજ ચાલ્યા. મહાજનનો પુત્ર ત્યાં સુતો મુકી
ગયો, ત્યારે અત્યંત સોકાતુર હુઇ. એસે સમે, બીજા સાહની જહાજ
આવવા લાગી. તેહણે સાહે કુંવરી પુછે. તેહણી કુંવારીયે આપણો દુખ
કહ્યો. એસે અવસર, ગંધર્વ [ ] અંતરીક્ષથી બોલ્યો; તેણે કહ્યો,
એ કન્યા પરમ દુખ પામે છે, જો સમુદ્રમાહે બુડસે. ત્યારે ગંધર્વે
સમુદ્ર પાર લઇ મુકી. ત્યારે કન્યાએ ગંધર્વ વાંભ્યો, હો સ્વામી!
હું સ્ત્રીરત્ન છું, મુને અનેક વિદ્યા દે; મુને કાઇ વરદે. ત્યારે ગંધર્વે
ગોટકો ૧ દીધો; અંજન દીધો. જે ગુટકો મુખ[41-B]માહે રાખે તો
પુરુષ હોએ; નેત્ર અંજન કરે તો અદૃષ્ટ હોએ. ત્યારે ચાલતાં
ક્ષોભાપુરપટ[ણ] આવ્યું. તીહાં જ્ઞાનીસું મીલ્યો; કહ્યું કે,

સમુદ્રના બારમાંહે કાઇ મુકી? તેણી મેં રસડા બાંધ્યો, તાજણો માર્યો. એ તો સ્ત્રી તુમે વિવાહી દીધી; એ રાજ્ય તુમે દીધું; તેમસરી એ[સ્ત્રી] હુઇ. એ સાહ જગાત કમાવણ લાગો. વોહણ વસ્ત લઇ દ્વાર આવ્યો. નગરમાં રાજાને સુધી હુઇ જે, નારંક સ્ત્રી[43-A]યો થો તેના સ્ત્રી થારો જમાઇ હુવો. રાજાએ એવી વાત સાંભળીને તેનો દ્વાર આવ્યો; ભુબાઇ અંતરપટ દેઇ વાત પુછી, ત્યારે સાહની કુંવરી વાત કહવા લાગી. ત્યારે સાહની કુંવરી વાત કહવા લાગી, ત્યારે રાજા વાત સાંભળી, હો રાજા! મેં તો થોડી વાત કીધી છે. જો એક રાજાની બેટીએ આપણો ભર્તાર વિશેષ આદર્યો, તે કથા સાંભળો. રાજા કથા સાંભળવા લાગો, ત્યારે અંતરકથા કહવા લાગી;

## [ધૂર્તનાગર (પેટાવાર્તા)]

ભોગાવતી નામ નગરી; તીહાં સુંદર શેઠ નામ મહાજન વસે. બીજો સાહ ગુણસાગર; તેને પુત્ર ૧; સુંદર શેઠને પુત્રી ૧; બે નીસાલ ભણે; તથા તેહમાંહે એક દિવસ કલેસ હુવો. ત્યારે મહાજનના પુત્રે કહ્યું જે, હું તુને માહણ ભરી ચાલણ ચલાઉં તો સાહનો પુત્ર. ત્યારે પુત્રીએ કહ્યો કે, હું તુને માથે પલંગ ઉપાડી વહાઉં તો સાહની પુત્રી. [43-B] ત્યારે [દો]ઇ એવા પ્રતિજ્ઞા કીધા. નીસાલ પડી ઉતર્યા, ત્યારે સાહ આપણા બેટાકી સગાઇ કરણ લાગો. તેણે પુત્રે એવું કહ્યું, પીતા! જે કન્યા એગડા ભણતા થા, ત્યા પરણાવો તો પરણું, નહિ તો નહી. ત્યારે સાહે આપણા બેટાને વાહી સાહકી બેટી પરણાવ્યો, હરખ હુવો; વીવાહ કીધો. ત્યારે પિતાને કહ્યો, હો પિતા! હમારી બહુને પીહર લઇને મેલો, હું વોહણ ભરી સમુદ્રમાંહે ચાલું. ત્યારે સાહને વોહણ ભરાવ્યો. સાહનો સ્ત્રી આપણો દ્વાર ખુણામાંહે મુકી ઉપર પાટી બાંધ્યો.

તે માંહે મોતી ૧ રાખી. ત્યારે દાસીસ્યું કહ્યો, એને માણ ૧ ભાર સણ દીજે. એવું કહીને પ્રોહણ બેઠો. પ્રોહણ હાલ્યા, કુટીલાપુર પાટણ જઇ લાગો. તે દ્વીપને વિષે ધૂર્ત ઘણા રહે. તીણ ધૂર્તને ઘ[44-A]ર વધામણા જ્યા. ભલી હુઇ જે પ્રોહણ આવ્યા. ત્યારે સાહની પ્રોહણ નગરગોચરે ઉતરયા. જઇ રાજાને મીલ્યા. રાજાએ સનમાન કીધો. પ્રભાત હુવો. પ્રોહણ લાંગર્યા ત્યારે નગર મધ્યેથી વેશ્યા ૧ આવી, આડી ફરી, હો સાહજી! હમારી ગાહાકો અર્થ કહો. ત્યારે વેશ્યા પાસેકા ધૂર્ત બોલ્યા, હો વેશ્યા! થારે ગાહાકો અર્થ કહે તો કાહા હારે? ત્યારે વેશ્યા બોલી, હમારે રંક લખ્યા છે તથા વહવારયાકા પુત્રસે ૨૦૦ કહી છે તે હારૂં, નહી તો એના પ્રોહણ સર્વ લેવું, અને હમારો દાસ હોઇ રહે. એવું કહીને વેશ્યાએ ગાહા કહી-

વિના અહરણ, વિના હત્થ, વિના પાવક, અનલ વિના।
તુ ઘન ઘાઇ ન દીઠો સ છઇ અર્થ કહો તુ મે ॥૨૫॥

એ ગાહનો અર્થ સાહને બે[44-B]ટે મળ્યો નહી. ત્યારે વેશ્યાકે નફરે પ્રોહણ લુટી નગરના લોકને વાટી દીયો. તબ સાહકા કુંવરનો માથું બોડીને ચાકર કરી રાખ્યો. તબ માસ ૬ ગયો ત્યારે સાહને ખબર હુઇ. સાહને ઘરમાંહે ઘણો સોગ કીધો. ત્યારે નફરે કહ્યો, હો સાહ! થારા પુત્રકા માથા મુંડી, ગુલામ કરી વેશ્યાએ રાખ્યો. તે વાત સાંભલી સાહને ઘણો દુઃખ કીધો તીણ દીન દાસી કુંવરી પાસે આણા અશ્રુ લ્યાવ્યા. તબ દાસી બોલી, હો બહુજી! થારો ભરતાર પ્રોહણ વેશ્યા પાસે હાર્યો, અને મુંડ મુંડાઇ ગુલામ કરી રાખ્યો. એવું સાંભલીને કુંવરીએ ઘણો સોગ કીધો. સાહકી વહુએ આપણા સસરાસ્યું કહ્યો, હો સાહજી! થારા બેટાને છોડાવું તો હું થારી બહુ, નહી તો નહી. ત્યાર સા[45-A]હ [બો]લ્યો, રે દાસી! બહુ કીહાં છે? [ત્યા]રે દાસી કહ્યો, બહુ ઘરમાહે છે. ત્યારે સાહને બહુ તેડી, વાત પુછી. ત્યારે સાહને માહણ તણા છુડાવવાની વાત સાંભલી ઘણો દુઃખ પાયો. ત્યારે બહુએ સમઝાવ્યો, હો સસરાજી! એ વાત

કૃતકર્મ છે. હવે પીતાજી! મુને પ્રોહણ ૩ સુક્કડકા ભરાવજે, પ્રોહણ ર૦ ગાંલા રાખજે. ત્યારે કુંવરી કુંકુમનો પેસ કરી, સસરા પાસે આગન્યા માગી. સસરાજી! હું તમારા પુત્રને લાવું તો તમારી બહુ, એવો કહી પ્રોહણ હાંક્યાં. ક્રમતાં ક્રમતાં કુટિલાદ્વીપ પ્રોહણ પોતાં. ત્યારે ધૂર્તને દ્વાર વાજિત્ર વાગ્યાં. પ્રોહણ ઉતર્યાં. એવે અવસર સાહનો કુંવર સુક્કડ કાઢી તાપવા લાગો; ત્યાર નગરનો ધૂર્ત તાપતો દેખ્યો. ત્યારે ધૂર્ત [45-B] બોલ્યો, રે સાહ! તું સુક્કડ કાંઈ બાલે છે? ત્યારે કુંવરી બોલી, રે સાહ! રે સુક્કડ હાથના છે; હમ પાસે વસ્તુ મણ ર૦ માગી લેઈ અને તુમારો પ્રોહણ હમને દઈ. ત્યારે સાહને કુંવરે મન હોંસ વાસતે પ્રોહણ સાત ૭ બોલ્યા. ઉન પાસે મોહોર એક સ્યાહી લઈને તે ગાંઠે નગરના રાજાને મીલ્યો. રાજાએ કુશલપ્રશ્ન પુછ્યો; રાજાજી! તુમને હાથો પીડતો કરાઉં તો સાહનો પુત્ર, એવું કહીને બીડા માગી, આવ્યો. ત્યારે આવતાં, વેશ્યા આવી, આડી ફરી, હો સાહ! તું હમારે ભાગ્ય આવ્યો, હો સાહજી! તું હમારી ૧ ગાહા બુઝ. તબ સાહ બોલ્યો, હો વેશ્યા! હમ થાનાં નગરમાંહે આલ આયા હૈં. હમે તારી ગાહાકો અર્થ કરસાં. એવું કહી સાહ આપણા ઠીકાણે આવ્યો. તબ ધૂર્ત ૧ મોચી, મોજડીનો જોડો ૧ સાહને આગલ [મેલ્યો] મુક્યો; કહ્યો, રે સેઠ! તું હમારે ભાગ્ય આવ્યો. ત્યારે સાહ બોલ્યો, રે મોચી! તુને ત્રાહણો ભલો મનાવસાં, તું આવજે. ત્યારે મોચી ઉઠી ઘર ગયો. ત્યારે ધૂર્ત ૧ કાણો આવ્યો, સાહસું મીલ્યો, દોહી હાથ જોડ્યા. ત્યારે ધૂર્ત [બો]લ્યો, હો સાહ! તું નાના થો ત્યારે હમો નગર હતા, તબ હમે થારા પિતાકે આંખ ગોહણે મુકી હૈ તે તુ દઈ અને તારા પીતાકા દીનાર સાહસ્ર ૧ છે તે લેઈ દોવો, ધૂર્તને કહ્યો, ટુ હાઈ દીઠા. પ્રભાતે સેઠ રાજા પાસે ગયો. રાજાસું નગરકા ધૂર્તોકી વાત કહી આંણો દ્વાર આવ્યો. હો સાહજી હમને ભલો મનાવો. તબ સાહ મોચીને દમડા દેવા લાગો, પણ ~~મોચી તો નહીં, મોચીએ કહ્યો કે, હમને ભલો મનાવો ત્યારે બીજે~~ દિન

સેઠ સભામાંહિ જાઇ બેઠો; મોરા આવી ઉભો રયો. એને સામે રાજને [46-B]
મુજરા હુવો; વડાઇ હોવા લાગી. નીસાણ વાજ્યા. ત્યારે સાહને મોરા બુલાય
નેં કહ્યું, રે મોરા! રાજાજીને ભેટો હુવો તે તેં ભલા માન્યો. ત્યારે રાજાજું
સેઠને કહ્યો, હમે મોરાને ભલો મનાયો છે, જે વાતની તમે ઉતાવળ છો. એતો
કહતાં કાણો ધૂર્ત આવ્યો; ત્યારે રાજાસું વાત કઇ, હો રાજાજી! ઇણ કાણે
આંખ ગહણે મુકી થી અર ઓરકી આંખ ગહણાકી છે; તે વાસતે આપણો
કુમારી આંખ કાઢી દે તો તે બરાબર તોલ દેઉં. હમારે તો [47-A] ઘણા
મોલકી આંખ છે, યા કાણો લોભ કર સી; યા આપણી આંખ બરોબર
લેઇ. એસી વાત સુણ કાણો ચાલ્યો. તબ રાજકી સભા મધ્યે હસારથ હુઇ.
એસા કહી સેઠ ઘર આયો, ભોજન કીયો. તબ રાજા, સેઠ રાજકી સભા
આયા. ત્યારે બહુ વાસાજી બજક્યા. રાવી રાજાસું અરજ કીધી, હો
રાજા! હમે સેઠસું સાટો કીયો; સાહકે મણ ૨ જે વસ્ત ચાહીયે તે લહો
અર હમારા સુકડકા પ્રોહણ ૩ દહો. ત્યારે સેઠને રાજાએ પુછ્યો, સેઠજી!
તે વસ્ત કાંઇ છે? ત્યારે સેઠે કહ્યો, રે એ સાચા છે; દોઇ મણ વસ્ત
દીજે, એક મણ સુકડ લીજે. ત્યારે નગરસેઠ બોલ્યા, હો સેઠજી! મણ ૨
વસ્તુ માગો તે હમે દેવા. ત્યારે સેઠને કહ્યો, હમ એતરી વસ્ત વાસતે આયા છાં.
સકલ દેસ દેસ્યા પણ ઇ વસ્ત નહી. તે તમે મોટા વ્યવહારા હો; [47-B]
તમારે હસે. મુમ મહરકા ઘર મણ ૨ દેહી. તબ રાજા હસી દીહો. તબ
બહવારકા મુખ સ્યામ હુવા. ઘણો દાન દેઇ સેઠ છુટા. રાજાનો ફરી, સેઠ
મિલાણ ચાલ્યો. તબ વેસ્યા[13] [રાવી રાડી] કીધી. તબ સેઠના વેસ્યાકો
અંચલ પકડ્યો, હો સેઠ! મ્હારી[14] હાહકો સર્વ ક્હેલો તુ કહાં હારે? ટકા
કોડ ૧ અર બહવારકા પુત્રાસે ૨૦૦ હારૂં અર હું સેઠકી દાસિ હોઇ રહું,
નહિ તો સાહકા પ્રોહણી ૩ સાત છૈ તે લેઉં. તબ માહાજન બોલ્યો,
મુંડ મુંડાઇ માફૂં રાજજે. એતો સુણ સેઠ વેસ્યાકોં રામ ~~[illegible]~~ [ના]સ
મ્હાયો, હો રાજાજી! થારી વે[48-A]સ્યા બની હોડ દે છે. હમારી

13. અહીં હસ્તપ્રતમાં, 'રાવિ રાવડી' એવો અશુદ્ધ પાઠ છે.

14. મૂળમાં, 'મ્હામારી' એવો શબ્દ છે.

ગાહાકો અ[ર્થ] કહો- તંવ્હો સેઠ બોલ્યો, એની ગાહાકો અર્થ લેહું, ટકા કોડ ૯ લેહું- બાજા એને વહવારના પુત્ર ૨૦૦ તે લેઉં. એતો કહતાં વેશ્યા બોલી

ગાહા- विना अहरण, विना हस्त, विना पावक, अग्निक विना।
ओ धन धावन घाटितं च इइं अर्थ कथितु मे ॥२६॥

એ ગાહા વેશ્યાએ ચારીમાંહે લખી રાખી, રાજાકો દીયો. રાજા તથા સકલ સભા અર્થ સેઠને ઉદ્દેશ્યા મલ્યો- ત્યારે રાજા ચારી દોહાકો દેખી તો સેઠ જીત્યો, વેશ્યા હારી. ત્યારે સેઠ રાજાના દૂત લેઇ વેશ્યાનો સર્વ દ્રવ્ય લાઈયો અને કુંવરસે ૨૦૦ રાજા આગે ઊભા કીયા. તબ રાજા આગે કહ્યો, હો રાજાજી! એનો વાડીવાળાનો દાન દીજે, અર બીદા કીજે. તેમ તમારી કીર્તિ નવ[ખં]ડમાહે હો- તબ દાન દેઇ વહવારકા પુત્ર છોડી દીયા; ત્યારે આપણા ભત્રિજને રાખ્યો. દાન લે[48-B]ઇ આપણા ઘોહડા બેસ્યા, અર રાજાને માલા આપણે ઘર ચાલ્યો; અર આપણા ભત્રિકે માથે પલંગ ધરીને મજલ ૨ ચલાવ્યો. સેઠના કુંવરોએ પ્રતિગન્યા પાલી; સાહના પુત્રને સકલ દાન દેઇ ચાલી. કુંવરને છોડાવી સાહની બહુ આપણે ઘર આવી. તો પુઠે સાહકો પુત્ર આવ્યો; પિતાને મિલ્યો, હો પિતા! તમારા પુત્રાથી ઘણો ધન લાવ્યો- રે પુત્ર! થારા ધનનો પ્રમાણ સાંભલ્યો- તો પાછે સંધ્યા સમે આપુરુષ એકઠા હુવા; ચર્ચા હુઇ, રે સ્ત્રી! તું માહરી તારી આણા પાલતી થી કે નહી? ત્યારે સાહની પુત્રી બોલી, રે સાહના કુંવર! તું માથે પલંગ ધરી કેતા મજલ લેહી આવ્યો નહી? ત્યારે સાહ ઝાંખો પડ્યો-

આ કથા રત્નાવલીને રાજા પ્રત કહી- હો રાજાજી! હમ એસી સ્ત્રી હોવાં; ઉજેણીકા રાજાની સ્ત્રીને સમજાવ્યો- મંગલ[49-A]કલસને રતનાવલી આપણે ઘર લઇ આવી- ત્યારે સૂરસેને ઉચ્છાહ કીધ્યો. ત્યારે રાજા સામો હોઈ આવ્યો- રાજાકો પ્રધાન કીધ્યો, મંગલકલસને રાખ્યો.

એસો પ્રબંધ રાજા વિક્રમાદિત્યકા પ્રધાનકી બહુ ચિત્રલેહાને રાજાસું
કહી. ઇમ કરતાં ઘણા દિન હુવા, ત્યારે એક દિન ચિત્રલેહાને સપનો દેખ્યો,
"રાજા વિક્રમાદિત્ય પ્રધાનને મનાવવા આવસે; સસરા, જેહ જાગે કહ્યો,
હો સસરાજી ! તમ ઉત્તર દીસા પ્રભાતે જાજો, તમને રાજા વિક્રમાદિત્ય
મલસે. ત્યારે ગાંધીને રાજા વિક્રમાદિત્યનો પ્રધાન વીરસેન મનાવણ
મોકલ્યો. ત્યારે સરોવરપાલે મંત્રી મલ્યો; હો મંત્રી ! તું વેગો ચાલ. ત્યારે
નગરકા રાજાને સુધ હુઇ; તે રાજા સામા માલ્યો; પાછે પ્રધાનને રાજા
લઇ ચાલ્યો. એવે અવસર નગર અલાવતીકી વસે છે. ત્યારે [49-B]
રાજા વિક્રમાદિત્યે પુછ્યો, એ નગર મધ્યે ઢંઢેરો કીમ વાજે છે? ત્યારે
નગરના લોકે રાજા પ્રતિ કહ્યો, ઇણ રાજાની વાડીમાંહે ભુતરાક્ષસ
રહે છે. તીણની વાડીનાં ફુલ તથા ફલ માગે છે. જે કોઇ ફુલ તથા ફલ
લ્યાવે તેને આપણી બેટી, અર્દ્ધ રાજ્ય દેણો ક[હ્યો] છે. ત્યારે
વિક્રમાદિત્યને પ્રધાનસું કહી, જે વાડીનાં ફુલ તથા ફલ આણી દે
તેને [બે]ટી દેઉં, પરણાવું, અર્દ્ધ રાજ્ય દેઉં, હમારી વાચા છે. તબ સાહસે
કહ્યો, હમારી સાથે પુરુષ ૧ છે તે વાડીકા ફુલ લાવસે. રાજા કહે,
તેને બુલાવ. ત્યારે સાહસે વિક્રમાદિત્ય તેડ્યો. રાજાએ વેતાલ
સમરયો. વિક્રમાદિત્ય કુહાડો હાથ લેઇ ચાલ્યો, રાજાને મલ્યો;
રાજાસું પ્રણામ કીધા, વાત સહી કીધી. એસો કહ્યો, રાજા ! બાવન
મણનો નૈવેદ્ય કરાવો, વાડીમાંહે મોકલો. ગાડાં ભરાવીને વાડીમાંહે [50-A]
પોહોચાવો. ત્યારે રાજાએ ઘણેઘણ નૈવેદ્ય કરાવ્યાં, વાડીમાંહે મોકલ્યાં.
ત્યારે વિક્રમાદિત્ય વેતાલ દોહી વાડીમાંહે ગઇ ઉભા રહ્યા. વૈતાલસું
રાજાને કહ્યો, હો વૈતાલ ! નૈવેદ્ય ભોજન કરો. દોઇ વાડીમાંહે પ્રવેસ
કર્યો. તે દૈત્ય હાક મારી આવ્યો; આવી વેતાલસું લાગો. ત્યારે
રાજા વિક્રમાદિત્ય સુજો ચઢ્યો. વેતાલ દૈત્યનો મહાસંગ્રામ હુવો;
તે દૈત્ય વેતાલ કરી જીત્યો ન જાયે. ત્યારે વિક્રમાદિત્યે દૈત્યના

જુદા સાહીને માઠ્યો; ખડગ કરીને દૈત્ય પ્રહાર કરવા લાગો. ત્યારે
દૈત્ય બોલ્યો, રે નાર! તું કોણ છે? ત્યારે રાજા બોલ્યો, હું વિક્રમાદિત્ય
છું; આગ્યા વૈતાલનો જાણગહાર. ત્યારે દૈત્ય બોલ્યો, હો રાજા! હમારો
જીવ રાખો, હું થારો સેવક છું. ત્યારે દૈત્યને વાચા દીધા અને કહ્યો,
હો રાજા! જહાં તેડે તીહાં આવું. [50-B] ત્યારે રાજાએ કહ્યો કે, ઇણ વાડીમાંહે
તું રમે આવે. ત્યારે રાજાને વાચા દીધા, હો રાજા વિક્રમાદિત્ય! નગરકા
રાજાને ફલફૂલ દે. ત્યારે રાજા નગરકા, ફલ ફૂલ રાજા વિક્રમાદિત્યને આણી
દીધ્યાં. તાણે રાજાએ કન્યાનો વિવાહ હરખસું કીધ્યો. ત્યારે રાજાએ
આપણો રૂપ્ય કીયો. રાજા વિક્રમાદિત્ય પરણ્યો, ત્યારે રાજાએ ઘણો ઉછાહ
કીધ્યો; આમલાગ્રામાણ મુક્તાફલ દીધ્યાં, રત્ન, ઘોડા, દાસ, દાસી,
દાયજે દીધ્યાં. રાજા મંત્રીને લઇ, કન્યા પરણાવી અવંતી આવ્યો;
નીસાણ વાજ્યા, હર્ષ હુવા. ફેરી રાજાએ ગંછી તેડી; હો ગંછી! [મો]ત્રેશ્વર
આણ્યો, ઔર આગલો કામ કહો જો હૂં કરું. ત્યારે ગંછી રાજા પ્રતિ બોલી,

## [૫. વિખહરદંડ, રત્નદંડ (મુખ્ય વાર્તા)]

હો રાજા! તું આપણા પ્રોહિતસું દાન દેઇ. ત્યારે થારો પ્રોહિત
દાન લેઇ ત્યારે [51-A] તું ઓને ઘર જજે. ત્યારે રાજા બ્રાહ્મણ બુલાવ્યો.
ત્યારે બ્રાહ્મણ આવ્યો. રાજા દાન દેવા લાગો, બ્રાહ્મણ લે નહી. ત્યારે રાજા
નટચર્યા બ્રાહ્મણને ઘર ગયો; જઇને નટચર્યા બેઠો. એવે અવસર
માલણની પુત્રીને પ્રોહીતની પુત્રીકોં બોલ દીધ્યો, હો પ્રોહીતની પુત્રી!
આગણ આવ. દોઇ જણી દેવદત્તાકી બહણને તેડવા ગઇ. રાજા તેને
પાછલ ચાલ્યો; આગે સમસાનભૂમ આવી. તીહાં માલણકી પુત્રી બોલી,
હું તમારા ફૂલનો ભાર નીત પ્રત સહું નહી. ત્યારે સખી બોલી, રોતી
વેલાં મજૂર પામાં નહી, તું આજ લેઇ ચાલ. ત્યારે રાજા વિક્રમાદિત્ય
બોલ્યો, હું તમારા ફૂલ લેઇ ચાલું, મુને મજૂરી દો તો. ત્યારે રાજા
એ સખી તેડી કહ્યો, રે મજૂર! હમારા ફૂલ તું લેઇ ચાલ. કહવાં કહવાં

પાતાલ[51-B]લોક [આ]વ્યા. તીહાં માનસરોવરને વિષે જલક્રીડાકરણ પેઠી. ત્યારે રાજાએ આગ્યા વેતાલ સમરયો. રાજા ને આગ્યા વેતાલ [દો]ઇને નગરપ્રવેશ કીધો. રાજા નાગલોક દેખવા ગયો. એસે અવસર એક રાજાનો પુત્ર સુખાસન બેઠો, નાગને પરણવા જાએ છે. ત્યારે રાજાએ આગ્યા વેતાલ પ્રતિ કયો, રે વેતાલ! એને સુખાસનથી ઉતાર, મુને બેસાડ. ત્યારે આગ્યા વેતાલે રાજપુત્રને ઉતારયો; વિક્રમાદિત્યને બેસાડ્યો. તીહાં નાગકન્યા રાજા પરણ્યા. તીણ નાગ પાસે દંડ ૨ માંગી લીધા, ઓર રત્ન ઘણા દીધા; તદુપરાંત, રાજકન્યા પરણી સરોવર આવ્યા. તીહાથી ઓર વસ્તુ લઇ રાજા ચાલ્યો. એવે સમ[અ] સવે કન્યા રાજાનો આવી ચોહોટી; રે મજૂર! ઉભો રહ, અમે પણ આવીં છાં. હમ તો રાજા વિક્રમાદિત્યે પહચાણ્યો, [52-A] યો રાજા વિક્રમાદિત્ય છે, ઇણ હમને ઉઘાડી દેખી. હમે રાજાને વિવાહસાં. રાજા આગે ઇવો કયો, હો રાજા! હમને વ્યાહો તો પાતાલલોકથી કાડાં. ત્યારે રાજા એવાં વચન સાંભલીને કન્યા પરણ્યા. કન્યાએ રાજાને પૃથ્વીને વિષે લ્યાવો. પ્રભાતના સમે, રાજા વિક્રમાદિત્ય ઘર આવ્યો; ગંધ્રી તેડી વાત કહી, હો ગાંધ્રી! દંડ બે ૨, નાગલોકથી લ્યાવો. પંચદંડ ગંધ્રી આગલ મેલ્યા; હો ગંધ્રી! એ પંચદંડછત્ર નીપાવ. ત્યારે રાજા ઇ[ન્દ્ર]નો આગામી હુવો. રાજા વિક્રમાદિત્યને માથે પંચદંડછત્ર હુવો. ત્યાર રાજા ઇંદ્રને દેવદૂતને હાથે સિંહાસણ મોકલ્યું. તિણ સિંહાસણે, રાજા પંચદંડ સહિત સિંહાસણ બેઠો; ઘણો હર્ષિત હુવો, નીસાણ વાજ્યાં. સકલ પૃથવીમાંહે આનંદ હુ[52-B]વો.

એ કથા રાજા ભોજકો ઉજ્જવ સુવાકી કુંડમાંહે થો તીણ યા કથા રાજા ચંદ્રસેણ આગે કહ; હો રાજા ચંદ્રસેણ! રાજા વીર વિક્રમાદિત્યને ઉદ્યમ કીધો તો પંચદંડછત્ર, ઇન્દ્રકો ઇન્દ્રાસન —

ચૂંતવી સહિત [આ]ર્ત્ત હુવો. હો રાજા ચંદ્રસેન ! તું ઉદ્યમ કર, જેમ રાજા ઉગ્રસેનની કન્યા તુંને પરણાવું. ત્યારે સુવો રાજા પ્રતિ બોલ્યો, હો રાજા ! તું એવો કર; પ્રથમ તું સકુનની તેડ અને સકુન પુછ. એવી વાત સાંભળી રાજા સુવા પ્રતિ બોલ્યો, હો [સુવા][17] ! સકુને કેને કેને ફલ દીધું યા કથા મો પ્રતિ કહો. ત્યારે રાજા ચંદ્રસેન પ્રતિ સુવો કથા કહવા લાગો:

## [ શકુનમાહાત્મ્ય (પેટાવાર્તા) ]

હો રાજા ! પુષ્પાવતી નામ નગરી. તીહાં હરિદત્ત નામ મહાજન. તે બા[ળ] [53-A] પરણવા એક નગર ચાલ્યો. તેનો સાસરો ઉજેણ થો. તેનો બાપ મરી ગયો. તીહો એક સમે આપણી સ્ત્રી લ્યાવવાને ઉદ્યમ કીયો. તે રાતને વિષે સંબલ કરાવ્યો. ગામકે ગોંદરે સકુન બુ[લા]યો; તીહાં જમણી દેવ્યા બોલી, ત્યારે સાહકો પુત્ર પાછા આયો; એકુ દૂસરે દીન જાઈ મારગ ઉભો રહ્યો. તીહાં સકુન બુલાયો; ત્યારે ફેરી જમણી દેવ્યા બોલી, જવા દે નહી. તે પાછો, માસ ૨ મહેલો ફેરી સકુન બુલાયો. પુનરપિ જમણી દેવ્યા હુઈ; દેવ્યા જવા દે નહી. ત્યારે મહાજનકો પ્રભાત ઉઠી ચાલ્યો, અર સકુન બુલાયો. તીહાં મારગમાંહે કાલો ચાડો બોલ્યો. તે સકુન બાંધી મહાજનકો પુત્ર ચાલ્યો. ત્યારે દેવ્યી આવી ચાડો પુછ્યો, રે ચાડા ! આજ [53-B] કુણ વાટે કુણ ગયો ? તબ ચાડો દેવી પ્રત [બો]લ્યો, એક મહાજન ગયો, તબ દેવી કહ્યો, વા કયોં ગયો ? તબ ચાડે કહ્યો, હું કાલો [બો]લ્યો, તબ સકુન બાંધી ચાલ્યો. ત્યારે દેવી કહ્યો, રે એનો કાલ છે; રે ચાડા ! ઓ તો મારે ભરોસે ચાલ્યો. તું એની પ્રત રાખ. ત્યારે દેવી મંત્ર કરીને ચાડાને બ્રાહ્મણનો રૂપ

૧૭. મૂળમાં રાજી, ભૂલથી 'રાજા' લખેલું છે.

કરી વલાવ્યો; ત્યારે વાણીઆને જઇ આવ્યો, હોઇ એગઠા હોઇ આવ્યા. ક્રમતાં ક્રમતાં અવંતી પ્રવેશ કીધો; સાહકે ઘર ગયા. સુસરા, સાલા, સબ આવ્યા, ઘણો હર્ષ કીયો. એવે અવસર એક સમે જમાઇકા સેજ્યા ઘરમાંહે બીછાઇ; તીહાં સાહકી પુત્રીને સોલે સીંગાર કરાઇ મોકલી. દાસી સાથે હોઇ, આગલ મેલી ગઇ; હેમે તો મહાજનનો પુત્ર ભર નીદ્રા સુતો છે. ભર્તાર[54-A]ને સુતો દેખી સાહની પુત્રી બાહરી નીકલી; જોબન પુરુખસું આસક્ત થઇ તીહા આવી. તીહાં એક બડલાનો વૃક્ષ છે. તીણા વૃક્ષ ઉપર ભૂત ૧ રહતો થો. તીણ ભૂતને મનમાંહે ચીંતવ્યો, યા પાપણી પુરુખની સેજ છોડીને આવી છે; યા બુરો કામકરણ આવી છે; યાં કો બુરો કરસ્યું; એવો ચીંતવી ભૂતને મૃતકમાંહે પ્રવેસ કીયો. ત્યારે મૃતકને સાહની કુંવરી તેડી આલિંગન દીયો; અને ભૂતને નાકકાન કાટી લાઇયા. પાછો બડ ઉપર જઇ સુતો. સાહકી પુત્રી નાકકાન કટાઇ ભર્તાર પાસે આવી; તીહા આવી પોહર દીધી, દોડો રે, ભાઇ લોગો હો! મને ઇણ ભર્તારે વિ[54-B]ના અપરાધ નાકકાન કાટી. ત્યારે મહાજન આવી, એકઠા હુવા; પછે મહાજનના પુત્રને ઘણો મારયો; પછે રાજા પાસે લઇ આવ્યા. તીહા હેમે તો રાજા સભા બેઠા છે. વાણીઆ જઇ પુકારયા. ત્યારે રાજાએ તેડી બાત પુછી, તબ મહાજન રાજા પ્રતે એસો કહ્યો, રાજાજી! વિના અપરાધ, જમાઇએ હમારી બેટીકા નાકકાન કાટ્યા. ત્યારે રાજાએ બાત પુછી, રે જમાઇ, વિના અપરાધે, બાપડીકા નાકકાન કાં [કાટ્યા] ? ત્યારે મહાજનને પુત્રે રાજા પ્રતિ કહ્યો, હો રાજાધિરાજ મહારાજ! મેં નથી કાટ્યા. હો રાજાજી! એ વાતકો ન્યાવ કીજે. ઇણે મહાજનની નાકકાન કાટ્યા છે, એને સુલી દેજે. ત્યારે મહાજને સસરાનું કહ્યું, સુલી દેવા લઇ આવ્યા. [55-A] ત્યારે દેવીને બ્રાહ્મણ મોકલ્યો.

ત્યા રાજા પ્રતિ બોલ્યો, હે રાજા ! તુ અવિવેકી હુવો. એવો એક અવિવેકી રાજા થો. તે સરખો તૂ હુવો. ત્યારે બ્રાહ્મણ રાજા પ્રતિ કથા કેહવા લાગો:

## [અન્યાયી રાજા (પેટા વાર્તા)]

હો રાજાજી ! સાથલાપુરપાટન; તીહાં અવચારીક સો રાજા; તીહાં અવીવેકી લોગ વસે. તીણ નગર મધ્યે મહાજન વાસ કીધો. તીહાં એક સમે મહાજનને ઘેર ચોર ચોરી કરવા આવ્યો; ભાત ભીત ફોડી; ભીત ફોડતાં, ચોર ઉપર ભીત પડી; ચોર ડટાનો, ત્યારે ઘરધણીને સુધ હુઇ. ત્યારે ઘરધણી ચોરસું ઝગડન લાગો. ત્યારે ચોર ડટાણો થો તે કાઢ્યો. ત્યારે બીજો ચોર, ઉણાનો સાથી મહાજનસુ લડવા લાગો, રે સાહ ! તે ભીત ફોસરી કીમ કરાઇ ? ત્યારે ચોર ર રાજા ~~પાક~~ પા[55-B]સે જઇ પુકારયા, હો રાજાજી ! તારા નગર મધ્યે એક મોટો અન્યાય હુવો છે. એ મહાજનને આપણી ભીત ફોસરી ચણાવી; તે ભીત ફોડતાં પડી-તીહાં હમારો ચોર ડટાનો. ત્યારે સકલ વાત રાજાએ સાંભલી, સાહને પકડી મગાવો. ચોરને સાચા કીધા અને મહાજન જુઠો કીધો- ત્યારે રાજાએ [સાહ]ને[૫૫] પકડી માગાં, રે સાહ ! તમે ફોસરી ભીત કીમ કરો ? હો રાજા ! હમે ભીતની વાત સું જાણા ? યા વાત તો સીલાવટ જાણે- ત્યારે રાજાએ સીલાવટને પુછ્યું, રે સીલાવટો ! એ મહાજનની ભીત ખોટી કમ કરી ? ત્યારે સીલાવટ રાજા પ્રત બોલ્યા, હો રાજાજી ! હમે શું કરાં ? એ મહાજનની વહુ સોલે સીંગાર કરીને હમારે આગલ હોઇ નીસરી. હમ કાઇ કરાં ? ત્યારે કો[56-A][ત]વાલ [બો]લાવ્યો, સાહુકાર કી વહુ પકડી મગાવી રાજાએ વાત પુછી, હો સાહની બહુ ! તુ સોલ સીંગાર કરીને આસાક કને ઊભી રહી ? ત્યારે બહુ બોલી, હો રાજા ! હમ કાઇ કરાં !

૫૫. પ્રતમાં અહીં ભૂલથી 'રાજ' શબ્દ લખાયેલો છે.

હમારે પીયર જાતી થી એવામાંહે કોતવાલ આવી નીસરયો, ત્યારે હું ખઇ ઉભી રહી. ત્યારે રાજાનો કોતવાલ તેડ્યો, રે કોતવાલ ! ઇહાં સાહુકારને બારણે કીમ ઉભો રયો ? ત્યારે [કો]તવાલ બોલ્યો જે, હમ કાઇ કરાં ! તમારો પુત્ર ઇણી વાટે હોઇ નીસરયો, તેબ ઉતરી સલામ કીધી. ત્યારે કોતવાલ સાચો કીધ્યો. પુત્ર [બો]લાયો, રે પુત્ર ! ઇણા મહાજનકે આગળો હોઇ કીમ નિસરયો ? તબ કુંવર બોલ્યો, હો પીતા ! હમ કાઇ કરાં ? હમને પ્રધાનનો પુત્ર ઇણી વાટે લઇ ગયો. ત્યારે પ્રધાનનો પુત્ર ~~બોલ્યો~~ [બો]લાવ્યો. હો રાજા ! હમે સુ કરાં ? નગર બાહર એક સિધ આવ્યો છે, તેનો ચેલો ૧ છે; એના દરસનને ગયા હતા. ત્યારે રાજાએ કોતવાલ બોલાયો, રે કોતવાલ ! નગર બાહર કોઇ જોગી રહે છે તેને પકડી લઇ આવ. તેબ કોતવાલ ગયો. સિધ ચેલાસું બોલ્યો, રે ચેલા ! ઇણા નગરમાંહે સબ લોક અન્યાઇ રહે છે; ના ન્યાય નહી કરતા ઇહાંનો રાજા અન્યાઇ છે તેથી તું આવે છે કે નહી ? ત્યારે ચેલો બોલ્યો, હો સિધ ! આગળ આજ ઇહાં રહાં નહી. ત્યારે સિધ બોલ્યો, રે ચેલા ! હુ જંગલ હોઇ આવું, એવું કહીને સીધ ગયો, ફીરી ન આવ્યો. એવામાંહે કોતવાલ આવ્યો, ચેલાને સાહ્યો રાજા પાસે લઇ ગયા. રાજાએ કોતવાલને કહ્યો કે, [57-A] રે કોતવાલ ! એ જોગીને સૂળી દેઉ. ત્યારે કોતવાલ સલામ કરી લઇ ગયો, સૂળી પાસે લઇ ઉભો રાખ્યો. સૂળી ઉચી, જોગી નાનો, એવા દેખી કોતવાલ રાજા પાસે ગયો, હો રાજા ! જોગી નાનો, સૂળી ઉચી. ત્યારે રાજા બોલ્યો, રે કોતવાલ ! જે કોઇ નગરમાં માપે તેને સૂળી દો. ત્યારે કોતવા[લ] નગર ઢુંઢો દીન ૭, કોઇ માપે નહિ, ત્યારે જોહે તો રાજાનો સાળો બાજારમાંહે બેઠો છે. તેને કોતવાલ પકડી, રાજા પાસે લઇ ગયો. રે કોતવાલ ! એને સૂળી દે. ત્યારે કોત[વાલ] કહે, મહારાજ ! એને સૂળી કીમ દીજે ? ત્યારે રાજા બોલ્યો, જેના નગરમાંહે મોટા [હો]ઇ તેતાને લઇ આવ. ત્યારે [કો]તવાલ લઇ આવ્યો.

સભામાંહે બેઠો. તબ રાજા [બો]લ્યો, રે સભાકા લોક ! મે ન્યાય સાછો કીયો. તવ સારા લોક બોલ્યો, હા રાજાજી ! [57-B] એવો ન્યાય કોઇ ન કરે. ઇમ કહીને સભાના લોક ઘર ગયા. એવામાંહે સિદ્ધ આ[વ્યો], ઉભો રહ્યો, [બો]લ્યો; રાજા ! તે હમારા ચેલાને વિના અપરાધ કીમ મારયો ? ત્યારે રાજા [બો]લ્યો, મે ન્યાય કીધો. એવું સાંભલીને સિદ્ધ ક્રોધ પામ્યો, સિદ્ધને શ્રાપ દીધો, થારા નગરમાહે સર્વ અન્યાઇ લોક રહસે. એવું કહીને યોગિ ગયો. ॥ ઇતિ કથા અન્યાયની ॥.

ત્યારે બ્રાહ્મણ [બો]લ્યો, હો રાજા ! જે એવો ન્યાય કરે છે તો. ત્યારે રાજા બોલ્યો, એ વાત જાનતો હોએ તો કહો. ત્યારે બ્રાહ્મણે પાછલો વર્તાંત સકુનનો કહ્યો. પ્રાતની રાડની કથા કહી. ત્યારે રાજાએ કોતવાલ તેડ્યો; સાહમો જુગ જે બ્રાહ્મણ સાથ્યા છે તેથી ઇણી રાંડને સૂદો દો. એના માબાપનો માથો મુડી, ગાધે બેસાડીને કાડી દો, ફીરી ન આવે. પાછો ફરી રાજા પાસે [58-A] આવ્યો; સલામ કરીને કહ્યો, હા રાજાજી ! તમ કહ્યો તે કીયો. રે કોતવાલ ! હમારા ઘરમાહેથી વસ્ત્ર લઇને ઇનો પહરાવી દીદા દ્યો.

એ વાત સુવાને રાજા ચંદ્રસેન આગલ કહી; હો રાજાજી ! તેમુને કથા "અન્યાયમાર્ગ-રાજાની કહી. હો રાજાજી ! ભુડા સકુનમાં એવાં ફલ છે. તો આ ભલે સકુન ચાકવો. ત્યારે રાજા બોલ્યા, રે સુવા ! તુ ઉગ્રાવતીપુરી જા, જઇ તીહાં રાજા ઉગ્રસેન રાજ કરે છે. ત્યારે સુડે શ્લોક ભણ્યો:

वाराणस्यां दक्षिणे कोणे कर्कुटो नाम वै द्विज ।
तस्य स्मरणमात्रेन अपशकुनं शकुनं भवेत् ॥२७॥

એવું કહીને રાજા ચંદ્રસેણને પાસ વિદા માગીને સુ[58-B]વો ગયો. ક્રમતાં ક્રમતાં ઉગ્રાવતીપુરી સુવે પ્રવેસ કીધ્યો. જઇ ઉગ્રસેન પાસ ઉભો રહ્યો, આસીર્વાદ દીધ્યો:

यावत्तोयधरा धराधरधराः धाराधरा(?)धराः।
यावच्चारुसुचारुचारुचमरं चामरकरं चामरं॥
यावद् रावणराम-रामरमणं रामायणं रामनं।
तावत्त्वं च विभोगभोगभवने भोगायते नित्यशः॥२८॥

त्यारे राजा बोल्यो, हो सुवा! तुम [की]हाथी आव्या? त्यारे सुवो बोल्यो, राजा त्रिंबकसेन प्रति बोल्यो, हो राजजि! हुं चंद्रसेन पासथी आव्यो. तब सुवो [बो]ल्यो, तमारे पुष्पावती पुत्री छे तेकी उछु सगाइ करवा आयो थो. तब राजा त्रिंबकसेन हाथो उछाह की[59-A]धो. त्यारे राजाए आपणा जोतकी बुलाया अने लग्न धराव्यां– वैसाख शुदि अष्टमीना लग्न लइ सुवाने हाथ दीध्यां. अने राजा बोल्यो, हो सुवा! तमे वेगा राजाने लइ आवजो. सुवो चाल्यो, अंतपुरमांहे गयो; पुष्पावती पासे गयो; विदा मागी चाल्यो; दिन ७ मांहे चंद्रसेन पासे आव्यो, आसीर्वाद दीधो:

कस्त्वं ब्राह्मणपूर्वकिश्चक्वचित् त्वं सर्वे वसन्ति कील।
त्वं वै ब्राह्मणसृष्टिकस्त्वं [- - -][16] माथोऽजनाथः क्वचित्॥
को वै नाथ स्मरामि ते त्रिपदगापारं मिता भूपाते।
किं ते तत् त्रैलोक्यभावमहिमा सर्वे तु पातु सदा॥२९॥

त्यारे सुवो बोल्यो, हो राजा! ए श्लोकनो फल तुने होशे.[59-B] त्यारे राजा ए सांभली सुख पाम्यो. त्यारे राजा सुवासु बोल्यो, हो सुवाजी! तमे काइ काम कीध्यो? त्यारे सुवे लग्न दीध्यां, राजाए वांच्या. राजा सुवा प्रति बोल्यो, हो सुवा! हा तमे कन्या दीठी के नाही? त्यारे सुवो बोल्यो, हो राजा! परम सुंदरी छे, जेवी तिलोत्तमा, जेवी उर्वशी; एवी वात कहीने सुवो कहितन भव्यो:

१६. अही चरणना त्रण अक्षर पडी गयेला छे.

રાજા સુખી મૃગરાજા ક કહિતં રાજ રાજાવિરાજિતં,
મંદગતી એવી પ્રમદા હૃદય વસી જય કવ નમ કરવા ધરતી ૩૦

એસો કહી, સુવો બોલ્યો, હો રાજા! એવી મેં દેખી. યા વાત રાજાએ સુની બહુત સુખ પાયો. રાજાને સર્વ સામગ્રી કીધી અને જોતગી તેડીને મુહૂર્ત પુછ્યું. રાજાએ અસવ[66-A]રી કીધી. સનાહ બગતર પેરી, ધનુકબાણ લઈ રથ પર ચઢ્યો; સુવાને હાથમે લીયો; સર્વ સૈન્ય સાથે લઈ ચાલ્યો, ક્ષોહની ૧ લઈ ચાલ્યો.

अयुतं च नागा, प्रयुतं च रथानां,
लक्षं च योद्धाः दशलक्षवाजिनां।
षड्लक्षसंख्याषटत्रिंशलख्याश्च
क्षोहिन्यसंख्या मुनयो वदन्ति॥३१॥

સુવાને ક્ષોહણીનું પ્રમાણ રાજાસું કહ્યો, ત્યારે રાજા અત્યંત સુખ પામ્યો. ત્યારે રાજા બોલ્યો, હો સુડા! તું હમારે આગે પંચદંડકી કથા કહી. પંચદંડ છત્ર અને સિંહાસન બત્રીસપુતલી-સંયુક્ત અને રત્નમંજુસની ઉત્પત્તિ કહો; સર્વ કથા હમારે આગે કહો અને ઇનકા નામ કહો. ત્યારે સુડો બો[66-B][લ્યો], હો રાજા! એની કથા કહું તે સાંભળો. ત્યારે સુડો કથા કહવા લાગો:

પુરા સત્યયુગને પરમેશ્વરને પંચદંડ છત્ર, રત્નમંજુસ અને સિંહાસન-દ્વાત્રિંશપુતલીસંયુક્ત બનાયો થો તેને ઘણા દિવસ હુવા. એ સમાહો બ્રહ્મા વૈકુંઠ ગયા; પરમેશ્વરને દીઠા— સિંહાસન પર બેઠા દીઠા. ત્યારે બ્રહ્માને સ્તુતિ કીધી:

पक्षाधिराजे गरुडाधिराजे।
विरंचिराजे सुरराजराजे॥
त्रैलोक्यराजे त्रिलोक राजे।
श्रीरंगराजे रमतां मनो मे ॥१॥

आनंदरूपे निजबोधरूपे ।
ब्रह्मस्वरूपे श्रुतिमूर्तिरूपे ॥
शशांकरूपे रमणीयरूपे । १७
श्रीरंगराजे रमतां मनो मे ॥२॥

लक्ष्मीनिवासे जगतां निवासे ।
हृत्पद्मवासे [61-A] रविबिंबवासे ॥
क्षीराब्धिवासे फणिभोगवासे ।
श्रीरंगराजे रमतां मनो मे ॥३॥

नीलाभ्रवर्णे भुजपूर्णकर्णे ।
कर्णान्तनेत्रे कमलाकलत्रे ॥
श्रीमित्यरंगे जितमल्लरंगे ।
श्रीरंगराजे रमतां मनो मे ॥४॥

सुचित्तशायी भुजगेन्द्रशायी ।
नन्दाङ्कशायी कमलाङ्कशायी ॥
अम्बोधिशायी वटपत्रशायी ।
श्रीरंगराजे रमतां मनो मे ॥५॥

अमोघनिद्रे जगत्रैकनिद्रे ।
विरंचिनिद्रे स्तुतिमूर्तिनिद्रे ॥
श्रीयोगनिद्रे सुखयोगनिद्रे ।
श्रीरंगराजे रमतां मनो मे ॥६॥

कंसप्रणाशे नरकप्रणाशे ।
भक्तिप्रधाने जगतां निधाने ॥
अनाथनाथे जगतैक नाथे
श्रीरंगराजे रमतां मनो मे ॥७॥
लक्ष्मीसितान्तौ सुररायपान्तौ ।

१७. प्रतमां आ श्लोकांकित 'श्री०' आ रीते लखेली छे.

भक्तिप्र भक्ताभीष्ट[की]र्त्तौ जगतैककीर्त्तौ ॥
अनन्तमूर्त्तौ जगतैकमूर्त्तौ ।
श्रीरंगराजे रमतां मनो मे ॥८॥

कावेरीतीरे क[61-B]मलाकलत्रे ।
मंदारमाले कृतचारुपाले ॥
दैत्यान्तकाले त्रिलोकपाले ।
श्रीरंगराजे रमतां मनो मे ॥९॥
ब्रह्मादिवंदे सुरराजवंदे ।
सनकादिवंदे च शुकादिवंदे ॥
त्रैलोक्यवंदे मुनिचारुवंदे
श्रीरंगवंदे रमतां म[नो] मे ॥१०॥

॥इति ब्रह्मविरचितं रंगनाथस्तोत्रं ॥

ત્યારે બ્રહ્માને વિષ્ણુએ પંચદંડ છત્ર દીધો અને સિંહાસન — દ્વાત્રિંશપુત્રિકાસંયુક્ત આપ્યો અને રત્નમુકુટ આપી; ત્યારે સર્વ લઈને આપને લોક આવ્યા. એવા કેટલાક દિવસ પાછે ઇંદ્ર બ્રહ્માને દર્શને આવ્યા. અનેક શ્લોકસું બ્રહ્માની સ્તુ[62-A]તિ કીધી; ત્યારે બ્રહ્મા પ્રસન્ન હુવા. ત્યારે ઇંદ્રે બ્રહ્મા પંચ[દં]ડ અર સિંહા[સ]ન દ્વાત્રિંશ-પુત્રિકાસંયુક્ત દીધો. ત્યારે ઇંદ્ર આપણે લોક આવ્યા, આનંદ સુખ કરવા લાગ્યા. એક દિન સમે બ્રહ્માને દર્શન લોમસ આવ્યા, આવી દ્વારે ઊભા રહ્યા. જુએ તો ચિત્રસેન ગંધર્વ ઊભા છે, અને ૪ અપછરા ઊભી છે. જયા, સિંદરવતી, સિદ્ધા, પદ્માવતી, પદ્મા એ ચ્યાર અપછરા, હોઈ ગંધર્વે ઋષિનો માન્ય કીધ્યો; અને હસ્યા ત્યારે ઋષિયે શાપ દીધ્યો ત્યારે અત્યં[ત] કંપાયમાન હુવા. અર સોર પાડ્યો. એવા માંહે બ્રહ્મા આવ્યા; જુએ તો લોમસ ઊભા છે. ત્યારે બ્રહ્મા બોલ્યા, નમો ઋષિકો અપમાન [62-B] કીધો. ત્યારે ઋષિ બોલ્યા,

શાપ દીધો તે માથા નહીં હોય, તેથી મૃત્યુલોકને વિષે અવતાર ધરો.
ઋષિ જ્યાને વાંસની છડી લઇ હમારો અપમાન કીધો તેથી આ રાજા-
ની પુત્રી હુઇ. અને દોઇ ગંધર્વ બોલ્યા, હો પ્રભુ! હમારી કુણ ગતિ હોઇ?
ત્યારે ઋષિ બોલ્યા, રે ગંધર્વ! તમારા ગર્વસું અપમાન કીધો,
તેથી એ રાજાની ~~પુત્રી હુઇ~~ તું દૈત્ય હુવો ને તારો ભાઇ સર્પ હુવો.
ત્યારે બ્રહ્મા બોલ્યા, તમે ઋષીને પગે લાગો તેથી એ પ્રસંન હોસે.
ઋષિ બોલ્યા, રે દ્વાપરકે [અં]તે, કલિયુગકે આદે વીર વિ[63-A]ક્રમા-
દિત્ય અવતાર ધરસે ત્યારે તમારી મોક્ષ હસે. તે બ્રહ્મા હમને કીયો
ઉપાયો કરી જાણો? ત્યારે બ્રહ્માએ ઇણાને જુવા જુવા દંડ દીધા; એકને
દાઇ દંડ દીધા; એકનો રત્નમંજુસ દીધા યો ઇમસમેત. ત્યારે ગંધર્વ
બોલ્યા, ઇનનો નામ કહો. ત્યારે બ્રહ્મા બોલ્યા, એનોને તમારો નામ
કહું તે સાંભલો; વિત્રક થારો નામ, પ્રતપર્વ દૈત્ય થારા દંડનો નામ
છે. અને આ લોડાભાઇનો નામ વીરાનંદ નાગ નામ; તેને પાસે
દંડ છે તેનો નામ વારાસમુદ; વીજાનો નામ અગ્નોદંડ; એકનો નામ
ઇંદ્રા ગંછી, દેવદમની એની પુત્રીનો નામ, એના દંડનો [63-B]
નામ દુર્ગદંડ[28]. ત્રીજાનું નામ ઉમા પંડ્યાણી, તેના દંડનો નામ ઉદંત
દંડ છે. [સો]થીનો ~~નામ~~ ના[મ] ચંપકમાલા છે, તેને પાસે રત્નમંજુસ
છે. તેને મહિમા સુવર્ણ[29] છે. જેનો માથો હાથ હોઇ તેને કોઇ ન જીતે;
બીજું જે ચિંતવે તે હોએ; સદૈવ પારજાતકના પુષ્પની દ્રષ્ટિ કરે,
એમ ઇત્રના ગુણ કહ્યા. ત્યારે ગંધર્વ બોલ્યા, હો બ્રહ્માજી!
વીર વિક્રમાદિત્યને[20] [કુણ બતાવે]? બ્રહ્મા બોલ્યા, તે ઇંદ્રા
ગંછી બતાવે. એવી વાત કહી બ્રહ્મા આપણો અંતપુર ગયા;

૨૮. શામળે કહેલા અગ્નોદંડ અને ઉડણદંડનાં નામનું અનુ-
સરણ અહીં જોવા મળે છે.
૨૯. આની પછી, હસ્તપ્રતમાં 'મહિમા' વધારાનો શબ્દ છે.
૨૦. આ શબ્દ પછી 'કુણ બતાવે' એવા શબ્દ હસ્તપ્રતમાંથી ~~રહી~~
ગયેલા જણાય છે.

એકથી આપને આશ્રમ ગયા. આપશ્રી પધ્યા અવતાર ધરો.

એ વાત સુવાને કઈ. પંચદંડછત્ર અને રત્નમંજરી, સિંહાસન ઉત્પત્તિ કઈ ત્યારે સુવાને [64-A] એ વાત ચંદ્રસેન આગલ કઈ. ત્યારે રાજા બોલ્યો, હો સુવા! એ વાત કહતા ઉજ્જાવતીપુરી આવ્યા. ઉગ્રસેનની વાડીમાં જઈ ઉતર્યા, અનેક વાજિત્ર વાજ્યાં. ઉગ્રસેન સર્વ લોક [લે]ઈને સામો આવ્યો; રાજાને લઈ ગયો. જાનીવાસો દીધો ત્યારે ચંદ્રસેન બોલ્યો, રે સુવા! તું અંતપુર જઈને પુષ્પાવતીને જોઈ આવ. ત્યારે સુવે જઈને પુષ્પાવતી દીઠી પાછો ફરી આવ્યો. ત્યારે રાજા બોલ્યો, હો સુઆ! તે કેસી અવસ્થાસું દીઠી છે? સુડો કહે, ચંદ્રવદની, મૃગલોચની, હંસગતિ, ગજગામિની એવી અવસ્થા છે. ત્યારે રાજા સુવાને અત્યંત સુખ પામ્યો. પછે ચંદ્રસેનનો વીવાહ હુવો; [64-B] દાયજો દીધો, હાથી, ઘોડા, રથ, પાલખી એવી ઘણી વસ્તુ દીધી. પછે રાજા ક્રમતાં ક્રમતાં ઘેર આવ્યો. આગની પુરી પ્રવેસ કીધો, અત્યંત દાન દીધાં. પછે રાજાની બેહન ભાનમતીને દરવાજો રોક્યો. ત્યારે સુવાને ભાનુમતીને જોઈને રોયો. ત્યારે રાજાએ ભાનુમતીને અત્યંત દ્રવ્ય દીધો. પછે રાજા સભામાહે ઠ્યાવી બેઠો; સુવાને પુછ્યું, તું કિમ રોયો? ત્યારે સુવો રાજા પ્રતિ બોલ્યો, હો [રાજા][૨૧]! હમારો નામ રાજા ભોજ છે. ત્યારે રાજા ક્રોધ પામ્યો અને બોલ્યો, હો રાજા! સુવાની ગતિ કિમ પામ્યા? ત્યારે રાજા ભોજે યોગીની આપણી વાત કઈ. ત્યારે રાજા ચંદ્રસેન [65-A] અસવારી ત્યાર કીધી. કેટલેક દિવસે દેવાર આવ્યો; યોગીને [જો]યો. ત્યારે રા[જાજી] પાસે લઈ આવ્યા, ઊભો કીધો. ત્યારે રાજા ભોજ સુવાની

૨૧. અહીં હસ્તપ્રતમાં 'સુહા' શબ્દ છે, તે ભૂલ છે.

દેહમાહેથી બોલ્યો, રે યોગી! એ કર્મ કુણ કીધું? તું એ દેહ છાંડ.
ત્યારે યોગીયે રાજા ભોજની દેહ છોડી. પછે રાજા ભોજે સુવા-
ની દેહ છોડી આપની દેહમાહે પ્રવેસ કીધો. અને ઉંનો માંહાની
દેહમાહે યોગી પેઠો ત્યારે રા[જા]એ ત્યાંત હર્ષ કિધો; દાન
દીધાં. રાજા ચંદ્રસેન અત્યાંત હર્ષ પામ્યો, વાજીત્ર વાજ્યાં.
આપના બોનબોનેવીને વધરાવ્યાં. રાજા કેટલેક દીવસે રાજ્યમાંહે
પ્રવેસ કીધો. કાલિદાસ, વરરુચ, માઘ, સુમંત, ધનવર, વિદ્યા-
પતિ આદ[ર] [65-B] દેઇને પાંચસે પંચોત્તર પંડીત સામા
આવ્યા, બોલ્યા, રાજા ભોજ! થારે રુપ યોગી થો, તીણે હમનો
ઘણું દુઃખ દીધું. રાજા ભોજે બ્રાહ્મણને દીલાસા દીધા. પછે, ચોઘ-
ડીયાંના વાજાં વાગ્યાં. ત્યારે કાલિદાસે આસીરવાદ દીધો.

आचक्रवालादवनीपतित्वं आब्रह्मलोकादचला च कीर्ति।
आयुष्यमारोग्यमतेव सौख्यं ददाति ते कौसलदेशनाथ॥२२॥

એવો કાલિદાસે આસીર્વાદ દીધો. હો રાજા ભોજ! જેવો
અયોધ્યાનો રાજા રામચંદ્રને ફલ હુવો એવો તુને ફલ હો. ત્યારે
સર્વ બ્રાહ્મણે આસીર્વાદ દીધો; ઉછાહ કીધો. પછે રાજાએ
આપણો મંદિર પ્રવે[66-B][22]સ કીધો. સાંઝની રાત વ્યતિક્રમ-
હુઇ. પ્રભાત હુવો; રાજાએ નિત્યા-[ઓ] નિત્ય કીધું; સિંહાસન-
આવી બેઠો, અને દાન દીધાં. હાથી સહસ્ર ૧, ઘોડા સહસ્ર ૫,
ગામ છત્ર ૧, મહીષી સહસ્ર ૧૦, ક્રમાસન ૧૦૦, સ્વર્ણ ભાર ૫,
વસ્ત્ર ઘણાં દીધાં, વાજિત્ર વાજ્યાં; દેસદેસમાં રાજાની વીદા
કીધી; આનંદ હુવો.

॥ ઇતિ પંચદંડકથા સંપૂર્ણ॥ સંવત ૧૭૩૮ વર્ષે, માહા વીદ
13 રવિવાસરે લિખિતમસ્તિ ॥ શુભં ભવતુ ॥ ॥

૨૨. 66-A પાન કોરું છે; પાનાની વચ્ચે કૌંસમાં 'પંચદંડ છત્ર ૧' લખેલું છે.